★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

# મ્યુનિસિપલ સ્નાનાગાર

# *પ્રોએક્ટીવ ડિસ્કલોઝર*

# વર્ષ-૨૦૧૫-૧૬

==============================================

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

| અ.નં. | નામ અને હોદ્દો તથા કાર્યાલયનુ સરનામુ | | ટેલીફોન નંબર ઓફીસ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિલિપ એસ.ગોર,ડે.મ્યુ.કમિશ્નર (અપીલ અધીકારી ) | સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અ.મ્યુ.કોર્પો. | ૨૫૩૯૧૧૮૪૧ (મો).૯૩૨૭૦૩૮૭૨૦ |
| ૨ | શ્રી પથિકભાઇ શાહ (ઇન્ચાર્જ/સ્નાના.સુપ્રિન્ટેન્ડેન્ટ) માહિતી અધિકારી | પ્લાનિંગવિભાગ,છઠો માળ, સરદાર પટેલ ભવન, અ.મ્યુ.કોર્પો. | ૨૫૫૦૭૮૮૦ (મો).૯૩૨૭૦૩૮૮૨૩ |
| ૩ | શ્રી દિનેશચંદ્ર ડી.ભટ્ટ (ડે.સ્નાના.સુપ્રિ.) | સ્નાનાગાર હેડ ઓફિસ ૧લે માળ,શ્રી ર.લ.મ્યુનિ.સ્નાનાગાર,લાલદરવાજા | ૨૫૫૦૭૮૮૦ |
| ૪ | શ્રી કમલેશ પંડયા (હેડ કલાર્ક)(ઇન્ચાર્જ) | સ્નાનાગાર હેડ ઓફિસ ૧લે માળ,શ્રી ર.લ.મ્યુનિ.સ્નાનાગાર,લાલદરવાજા | ૨૫૫૦૭૮૮૦ |
| ૫ | શ્રી બિપિનભાઇ ગજ્જર આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | શ્રી હિ. સ્મા. મ્યુ. સ્નાનાગારતથા બાળ સ્નાનાગાર,કાંકરીયા " અ " વર્ગ | ૨૫૪૩૦૪૧૮ ૩૨૯૮૧૩૩૩ |
| ૬ | શ્રી અયુબખાન જી.પઠાણ આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | વાડજ મ્યુનિ.સ્નાનાગાર તથા બાળ સ્નાનાગાર, વાડજ-" અ " વર્ગ | ૩૨૯૮૧૪૧૧ |
| ૭ | શ્રી રહીસખાન એ.પઠાણ અધીકારી કમ કોચ(કોન્ટ્રાક્ટ બેઇઝ) | શ્રી ર. લ. મ્યુ. સ્નાનાગાર તથા ભરતકુમાર મ્યુ. બાળ સ્નાનાગાર, લાલદરવાજા " બ " વર્ગ | ૩૨૯૮૧૪૦૮ |
| ૮ | શ્રી દશરથભાઇ ડી. પાંડોર અધીકારી કમ કોચ | સાબરમતી મ્યુનિ.સ્નાનાગાર તથા બાળ સ્નાનગાર " ક " વર્ગ(નવિનીકરણ માટે માહે-સપ્ટે-૨૦૧૫ થી બંધ) | ૨૨૧૬૮૩૧૦ ૩૨૯૮૧૪૧૦ |
| ૯ | શ્રી સંજયભાઇ દરજી આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | શ્રી વસંત ગજેન્દ્ર ગડકર મ્યુ.સ્નાનાગાર તથા બાળ સ્નાનાગાર, સારંગપુર" ક " વર્ગ | ૨૨૧૪૦૬૫૮ |
| ૧૦ | શ્રી દશરથભાઇ ડી. પાંડોર અધીકારી કમ કોચ | અસારવા મ્યુનિ.સ્નાનાગાર તથા બાળ સ્નાનાગાર " ક " વર્ગ | ૨૨૧૬૭૫૩૪ |
| ૧૧ | શ્રી વિજયભાઇ એન.ભટ્ટ અધીકારી કમ કોચ | હાજીપુરા મ્યુ.સ્નાનાગાર તથા બાળ સ્નાના, હાજીપુરા ગાર્ડન પાછળ, માધુપુરા" બ " વર્ગ | ૨૯૦૯૩૦૯૪ |
| ૧૨ | શ્રી નિલેષ સેવક અધીકારી કમ કોચ | સ્વ.લાલભાઇ છબાભાઇ પટેલ મ્યુ.સ્નાના.જીમ્નેશિયમ બાળ સ્નાના.ખોખરા" ક " વર્ગ | ૩૨૯૮૧૩૩૩ |
| ૧૩ | શ્રી કલ્પેશ એન.ભટ્ટ આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | સ્વામી વિવેકાનંદ જીમ્નેશીયમ અને સ્નાનાગાર સંકુલ,બાગેફિરદોશ" અ " વર્ગ | ૩૨૯૮૧૪૦૫ |
| ૧૪ | શ્રીચંદ્રશેખરમુદલીયાર આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | ક્રાંતિવીર વિઠલભાઇ પટેલ મ્યુ.સ્નાનાગાર ર બાળસ્નાના.તથા જીમ્નેશીયમ,ઓઢવ" અ " વર્ગ | ૩૨૯૮૧૩૩૩ |
| ૧૫ | શ્રી નરેન્દ્રભાઇ પુંડલીક | શ્રી સોમનાથ પ્રભાશંકર દવે મ્યુ.સ્નાનાગાર સરસપ | ૨૨૧૬૭૫૩૪ |
| ૧૬ | શ્રી અનિરૂધ્ધભાઇ પટેલ(નિવૃત અધિ.કમ.કોચ) શ્રી મંથન ઉપાધ્યાય અધીકારી કમ કોચ(કોન્ટ્રાક્ટ બેઇઝ) | વીર સાવરકર મ્યુ.સ્નાનાગાર વાસણા તથા જીમ્નેશિયમ તથા બાળ સ્નાનાગાર " અ " વર્ગ | ૩૨૯૮૧૪૦૬ |
| ૧૭ | શ્રી રાકેશભાઇ શાહ આસી.સ્વી.કોચ (ઇન્ચાર્જ અધિ) | ક્રિકેટર શ્રી વિનુમાકંડ સ્નાનાગાર રાણીપ અને જીમ્નેશિયમ તથા બાળ સ્નાનાગાર સ્નાનાગાર " અ " વર્ગ | ૩૨૯૮૧૪૦૫ |
| ૧૮ | શ્રી નવનીતભાઇપરમાર (નિવૃત અધિ.કમ.કોચ) | સરદાર પટેલ મ્યુ સ્નાનાગાર અને જીમ્નેશિયમ તથા બાળ સ્નાનાગાર સ્નાનાગાર નવરંગપુરા " અ " વગ | ૨૬૪૪૦૨૬૬ ૩૨૯૪૩૦૪૯ |

# <u>કર્મચારીઓનો ફરજનો સમય</u>

## <u>સ્નાનાગાર હેડ ઓફીસનો સમય</u>

- તમામ કામકાજના દિવસોએ સવારે ૧૦:૩૦ કલાકથી સાંજના ૬:૧૦ કલાક સુધી (બીજો તથા ચોથો શનીવાર, રવિવાર તથા જાહેર રજાનાં દિવસો સિવાય) ઓફિસ ચાલુ રહેશે.
- રીસેસનો સમય :- બપોરે ૨:૦૦ થી ૨:૩૦ સુધી

## <u>સ્નાનાગાર નો સમય</u>

### ૧. <u>અધિકારી કમ કોચ તથા આસી.સ્વી.કોચ(પુરુષ)</u>

- સવારે :- ૬ : ૦૦ થી ૧૧ : ૦૦ કલાક સુધી તથા
- સાંજે :- ૫ : ૦૦ થી રાત્રે ૭ : ૩૦ કલાક સુધી

### ૨. <u>પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ લેડીઝ તથા લેડીઝ સુપરવાઈઝર</u>

- બપોરે :- ૧ : ૦૦ થી ૫ : ૦૦ સુધી

### ૩. <u>પટાવાળા તથા વોચમેન</u>

- સવારે :- ૬ : ૦૦ થી બપોરે :-૨ : ૦૦ સુધી
- બપોરે :- ૨ : ૦૦ થી રાત્રે :-૧૦ : ૦૦ સુધી
- રાત્રે :- ૧૦ : ૦૦ થી સવારે :- ૬ : ૦૦ સુધી
- (જે - તે શીફટ મુજબ કર્મચારીને ફરજ સોંપવામાં આવે છે.)

<u>ચેકર પટાવાળા</u>

- સવારે :- ૬ : ૦૦ થી સવારે:-૧૧ : ૦૦ સુધી
- સાંજે :- ૫: ૦૦ થી સાંજે:- ૭ :૩૦ સુધી

  અઠવાડીક રજા દર ગુરૂવારે

  (સ્નાનાગાર ચાલુ હોય તે સમય દરમ્યાન ફરજ)

### ૪. <u>સફાઈ કામદાર</u>

- સવારે :- ૮ : ૦૦ થી બપોરનાં :- ૪ : ૦૦ સુધી

### ૫. <u>માળી</u>

- સવારે :- ૮ : ૦૦ થી બપોરે :- ૪ : ૦૦ સુધી

**<u>તમામ સ્નાનાગારમાં જાણકાર તથા મોટા શીખાઉ તથા બાળ શીખાઉ સભ્યોનો સ્વીંમીંગ બેચનો સમય નીચે મુજબ રહેશે.</u>**

| | | |
|---|---|---|
| ૧. **જાણકાર સભ્યોની બેચનો સમય** | : | સવારે :- ૬ : ૦૦ થી ૯ : ૦૦ કલાક |
| | | સાંજે :- ૬ : ૦૦ થી ૭ : ૩૦ કલાક |
| ૨. **મોટા શીખાઉ સભ્યોની બેચનો સમય** | : | સવારે :- ૯ : ૧૫ થી ૧૦ : ૦૦ કલાક |
| | | સવારે :- ૧૦ : ૧૫ થી ૧૧ : ૦૦ કલાક |
| | | સાંજે :- ૫ : ૦૦ થી ૫ : ૪૫ કલાક |
| ૩. **લેડીઝ સભ્યોનો સમય** | : | બપોરેઃ ૧. થી ૧.૪૫ શિખાઉ સ્ત્રી સભ્યો, |
| | | ,, ૨.૦૦ થી ૨.૪૫ જાણકાર સ્ત્રી સભ્યો, |
| | | ,, ૩.૦૦ થી ૩.૪૫ શિખાઉ સ્ત્રી સભ્યો, |
| | | ,, ૪.૦૦ થી ૪.૪૫ જાણકાર સ્ત્રી સભ્યો |
| ૪. **બાળ શીખાઉ સભ્યોની બેચનો સમય** | : | સવારે :- ૬ : ૦૦ થી ૬ : ૪૫ કલાક |
| | | સવારે :- ૬ : ૪૫ થી ૭ : ૩૦ કલાક |
| | | સવારે :- ૭ : ૩૦ થી ૮ : ૧૫ કલાક |
| | | સવારે :- ૮ : ૧૫ થી ૯ : ૦૦ કલાક |
| ૫. **બાળ શીખાઉ સભ્યોની બેચનો સમય** | : | સાંજે :- ૫ : ૦૦ થી ૫ : ૪૫ કલાક |
| | | સાંજે :- ૫ : ૪૫ થી ૬ : ૩૦ કલાક |
| | | સાંજે :- ૬ : ૩૦ થી ૭ : ૧૫ કલાક |

**નોંધ :- બાળ સ્નાનાગારનો પ્રવેશ મેળવવા માટેનો ધસારો વધારે હશે ત્યારે સવારે :- ૯ : ૦૦ થી ૧૧ : ૦૦ કલાક સ્વીંમીંગ અંગેની તાલીમ સુવીધા બાળ સભ્યો માટે વધારવામાં આવશે**

## <u>સ્વીમીંગ અંગેના સભ્ય પદ મેળવવા બાબત બાળ સ્નાનાગારના નિયમો</u>

૧. વીર સાવરકર મ્યુનિ.સ્નાનાગાર,વાસણામાં પ્રવેશ મેળવવા માટે ઓછામાં ઓછી બાળ સભ્યની ઉંચાઈ ૪૮ ઈંચની તથા અન્ય સ્નાનાગાર માટે ૪૨ ઈંચની હોવી જોઈએ તથા ૫ થી ૧૨ વર્ષની ઉમરના બાળકને પ્રવેશ આાપવામાં આવશે.

૨. આ માટે જે-તે બાળકના વાલીએ તે અંગેનું પ્રવેશપત્ર પુરી તથા સાચી હકીકતો ભરી જરૂરી પ્રમાણપત્રો તથા બાળકના પાસપોર્ટ પ્રકારના બે (૨) ફોટા સાથે રજુ કરવાનું રહેશે.

૩. જો બાળક અભ્યાસ કરતું ન હોય તો જન્મ તારીખ અંગેનું અધિકૃત પ્રમાણપત્ર અલગથી રજુ કરવાનું રહેશે.

૪. પૂરી તથા સાચી હકીકત વિનાના પ્રવેશપત્ર પર મેળવેલ સભ્ય પદ શરુઆતથી રદબાતલ ગણાશે.

## <u>બાળ સભ્યોએ પાળવાના નિયમો</u>

- **નીચેના નિયમોનું બાળ સભ્યો સંપૂર્ણ રીતે પાલન કરે તે જવાબદારી જે-તે બાળ સભ્યોના વાલીની રહેશે.**

૧. સ્વીમીંગ માટે કે અન્ય કોઈ કાર્યક્રમ વખતે પ્રવેશ મેળવતા પોતાનું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.

૨. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા અગાઉ શાવરરૂમ વિભાગમાં સંપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાન કરવાનું રહેશે.

૩. ન્હાવા માટે વાંધાજનક ન ગણી શકાય તેવા ઘેરા રંગનો તરવા અંગેનો પોષાક, બેથીંગ કોસ્ચયુમ પહેરવાનો રહેશે. ઉપરાંત લાંબા વાળ ધરાવતા બાળકોએ સ્વીમીંગ કેપ પહેરવાની રહેશે.

૪. કોઈપણ બાળ સભ્ય નિયત જગ્યા સિવાય સ્નાનાગારના પાણીમાં કે બહાર સ્થળ પર થુંકવાનું, પેશાબ કરવાની, અગર મળત્યાગ ક્રિયા અગર ન્યુસન્સ કરી શકશે નહી.

૫. કોઈપણ બાળ સભ્ય જો ચામડીના કોઈપણ ચેપીરોગથી પિડાતા હોવાનું માલુમ પડે તો જયાં સુધી તેવો રોગ સંર્પૂર્ણ દુર થયો હોવાની ખાતરી અધિકૃત અધિકારીને ન થાય ત્યાં સુધી તેવા બાળ સભ્યને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

૬. સ્નાનાગારમાં તરતી વખતે અગર તાલીમ લેતી વખતે કોઈપણ બાળ સભ્ય તોફાન, મોટેથી બુમાબુમ અગર બીજા સભ્યોને વાંધાજનક વર્તન કરી શકશે નહી.

૭. કોઈપણ બાળ સભ્ય સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહી.

૮. સ્વીમીગનો નિયત સમય પુરો થતાં પાંચ મીનીટ અગાઉ ઘંટડી વગાડવામાં આવશે. જે બાદ દરેક બાળ સભ્યને પાંચ મીનીટમાં જ સ્નાનાગારના પાણીમાંથી બહાર આવી જવાનું રહેશે.

૯. કોઈપણ બાળ સભ્ય બીજી વ્યકિતને ઉપયોગ માટે પોતાનું ઓળખપત્ર આપી શકશે નહી તેમજ ઓળખપત્રમાંની માહિતીમાં કોઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકશે નહી. આમ કરનારનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૧૦. સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ બાળ સભ્યોએ ઓળખપત્રમાં દર્શાવેલ સુચનો તેમજ ફરજ પરનાં સ્વીમીગ ઈન્સ્ટ્રકટરની સુચનાઓ તથા આદેશોનું સંપુર્ણ પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી વિના ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહી.

૧૧. સ્નાનાગારમાં ન્હાવા આવતી વખતે કિંમતી મિલકત જેવી કે, પૈસા, પાકીટ, ઘડીયાળ, ઘરેણાં, મોબાઇલ વિગેરે સાથે ન લાવવા આથી ખાસ સુચના આપવામાં આવે છે. આવી કોઈપણ વસ્તુ કે મિલકત ગુમ થવા કે ચોરાઈ જવા અંગે મ્યુ.કોપોરેશન કે તેના કર્મચારી જવાબદાર રહેશે નહિ

૧૨. બાળ સભ્યોએ પાળવાના ઉપરના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અગર કોઈપણ સુચનાના અનાદર માટે અધિકૃત અધિકારી જે - તે બાળ સભ્ય સામે પગલા લઈ શકશે. તેવા બાળ સભ્યને સ્નાનાગારની જગ્યામાંથી બહાર કાઢી શકશે. ઓળખપત્ર જપ્ત કરી શકશે. તેમજ યોગ્ય લાગે તેટલા સમય માટે સભ્યપદ સ્થગિત (સસ્પેન્ડ) કરી શકશે. મ્યુ.કમિશ્નરશ્રી કે અધિકૃત અધિકારીશ્રી તેવા બાળ સભ્યના વાલીને સર્ટીફીકેટ ઓફ પોસ્ટીંગથી નોટીસ આપી તેવા બાળ સભ્યપદ રદ કરી શકશે. આ નિયમ અનુસાર લીધેલ પગલાં અંગે મ્યુ.કમિશ્નરશ્રી કે અધિકૃત અધિકારીશ્રી કોઈપણ કારણ આપવા બંધાયેલ રહેશે નહી.

૧૩. દરેક બાળ સભ્યએ સ્નાનાગારનો ઉપયોગ પોતાના જોખમે કરવાનો રહેશે.સ્નાનાગારની જગ્યામાં થતા કોઈપણ અકસ્માત,ઈજા કે મૃત્યુ માટે મ્યુ.કોર્પોરેશન કે તેના કોઈપણ કર્મચારી જવાબદાર રહેશે નહી.

૧૪. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસે કે સમયે સ્નાનાગાર બંધ રાખવાની તથા કોઈપણ સભ્યને પ્રવેશ ન આપવાની મ્યુ.કમિશ્નરશ્રી આગર અધિકૃત અધિકારીશ્રીની સત્તા રહેશે.

૧૫. ઉપરના સામાન્ય નિયમો તથા શરતો ઉપરાંત તેને બાધ ન આવે તે રીતે સંજોગો અનુસાર મ્યુ. કમિશ્નરશ્રી અગર અધિકૃત અધિકારીશ્રી જરૂરી પગલા લઈ શકશે તથા તેમાં સુધારા વધારા કરી શકશે.

## સ્નાનાગારની ફી બાબતનાં નિયમો

૧. સત્ર દરમ્યાન કોઈપણ તારીખે ભરવામાં આવેલ ફી જે તે સત્રની પહેલી તારીખથી ગણાશે.

૨. ભરવામાં આવેલ ફી પાછી આપવામાં આવશે નહી.

૩. લકવા / પોલીયોનો રોગ ધરાવતા બાળકો માટે તે અંગેનું અધિકૃત અધિકારી / દાકતરી પ્રમાણપત્ર રજુ કરવાથી તાલીમ ફી ફકત પ્રથમ સત્ર માટે જ આપવાની રહેશે.

૪. સત્રની આખર તારીખ સુધીમાં પરીક્ષા પસાર ન કરનાર કે પરીક્ષા ન આપનાર સભ્યનું સભ્ય પદ આખર તારીખ બાદ રદ ગણાશે.પછીના સત્રમાં જો જગ્યા હશે તો જ સભ્યપદ રીન્યુ થઈ શકશે આ અંગે સ્નાનગારના અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## સ્નાનાગારમાં પ્રવેશ માટેના જનરલ નિયમો

૧. વિધાર્થીના કિસ્સામાં શાળા / કોલેજનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

૨. મ્યુ.કર્મચારી કે તેમના આશ્રિતમાં જે-તે ખાતાના વડાનું પ્રમાણપત્ર વિગેરે રજુ કરવાનું રહેશે.

૩. સભ્ય ફી લઈ પ્રવેશ આપવામાં આવે છે.

૪. ૬૦ વર્ષ પૂરા કરેલ સીનીયર સીટીઝન્સ માટે મ્યુ.કોર્પોરેશનની હદમાં વસાવટ કરનારને ફકત જાણકાર સભ્ય તરીકે જ નક્કી કરેલ ફીમાં ૫૦ % રાહત આપવામાં આવે છે.

૫. વિધાર્થીઓ,સ્ત્રીઓ,મ્યુ.કાઉન્સીલરશ્રીના આશ્રીતો, મ્યુ.કર્મચારીઓ તેમજ મ્યુ.કર્મચારીઓના આશ્રિતોને સ્નાનાગારમાં તરવા માટે ફીમાં કન્સેશનનો લાભ આપવામાં આવે છે.

૬. સ્ટેન્ડીગ કમીટી ઠરાવ નંબરઃ- ૩૫૯/ વર્ષઃ-૯૮-૯૯ થી તેમાં જણાવ્યા મુજબના પત્રકારોને વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે.

૭. ન્યુનતમ ડિસ્ટ્રિકટ સ્વીમીગ ચેમ્પીયનશીપમાં પ્રથમ તથા બીજા નંબરે વિજેતા થયેલ તરવૈયાઓને જે તે વર્ષે રૂા.૧૦૧/-ટોકન ફી લઈ જાણકાર સભ્યનું સી.કાર્ડ આપવામાં આવે છે.પરંતુ તેઓ કોઈપણ મ્યુ.સ્નાનાગારના સભ્ય તરીકે પ્રવેશ મેળવેલ હોય અને ત્યાંથી તેઓએ સ્વીમીગ કોમ્પીટીશનમાં એન્ટ્રી ભરીને વિજેતા થયેલ હોય તેઓને જ આ લાભ આપવામાં આવે છે.

## **<u>ફી તથા પ્રવેશ ફોર્મ અંગે</u>**

**દરેક સ્નાનાગાર ની તમામ પ્રકારની ફી વર્ષ-૨૦૧૫ એપ્રિલ થી તમામ સીટી સીવીક સેન્ટર ઉપર થી સ્વીકારવાની હોય છે.પ્રવેશ અંગે સ્નાનાગાર ઉપર ફોર્મ ચેક કરાવી અધિકારી ની સહી કરાવી સી.સી.સી ઉપર ફી ભરી પ્રવેશપત્ર(આઈકાર્ડ) મેળવવાનુ હોય છે.સ્નાનાગારમાં પ્રવેશ અંગેનું ફોર્મ ઓન લાઈન મળી શકે છે.જેના ૩૦/-રૂા. સી.સી.સી. મારફતે વસુલ લેવામાં આવે છે. Download form link –** ***http://ahmedabadcity.gov.in/*** ***Go to > Quick Links***

## **<u>સ્વીમીંગ જાણકાર અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેની માહીતી</u>**

- ઉમેદવારે સૈપ્રથમ કોઈપણ મ્યુ.સ્નાનાગારમાં જાણકાર સભ્ય તરીકે સભ્યપદ મેળવવાનું રહેશે.ત્યારબાદ તેઓએ સાદા કાગળમાં જાણકાર અંગેનું સર્ટીફીકેટ મેળવવાની અરજી તેઓ પ્રવેશ મેળવેલ સ્નાનાગારમાં તે સ્નાનાગારના અધિકારી કમ કોચશ્રીને આપવાની રહેશે.તે અરજી સાથે જાણકાર સભ્યપદના ઓળખપત્રની ખરી નકલવાળી ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.તથા તે સાથે બે (૨) નંગ પાસપોર્ટ સાઈઝનાં ફોટા (તાજેતરના) આપવાના રહેશે અને આ અરજીમાં સર્ટીફીકેટ મેળવવાનો હેતુ બતાવવાનો રહેશે.ત્યારબાદ તે સ્નાનાગારમાં જાણકાર અંગેનો ટેસ્ટ અધિકારી કમ કોચશ્રી ધ્વારા લેવામાં આવશે અને તેમાં પાસ કે નપાસ થવા અંગે તેઓ પોતાના રીમાર્કસ સાથે સ્નાનાગાર સુપ્રીન્ટેન્ડેન્ટશ્રી ને સ્નાનાગાર હેડ ઓફિસ ખાતે જાણકાર અંગેનું સર્ટીફીકેટ આપવું કે નહી તેની ભલામણ કરશે. તે ભલામણ મુજબ ઉમેદવારને સ્નાનાગાર હેડ ઓફિસ ,લાલદરવાજાથી જાણકાર અંગેનું પ્રમાણપત્ર પાસ થયા હશે તો આપવાનું રહેશે.

## **<u>જાણકાર સભ્ય થવા માટેના ટેસ્ટ માટેની વ્યાખ્યા</u>**

- જે તે સ્નાનાગારમાં તે સ્નાનાગારની બે લંબાઈનું અંતર બેકસ્ટ્રોક સ્વીમીંગ સિવાય કોઈપણ પધ્ધતિથી જરાપણ ઉભા રહયા વગર પુરુ કરવામાં આવશે અને ત્યારબાદ ઉંડા પાણીમાં ઉભા રહી સાયકલીંગ કરી ફરીથી સ્વીમીંગ કરીને કિનારે આવી શકશે તેને જ પાસ થયેલ જાહેર કરવામાં આવશે.

**સ્નાનાગારનાં સભ્ય માટે અ,બ અને ક વર્ગના સ્નાનાગારમાં નીચે દર્શાવ્યા મુજબ ફીના દર નક્કી કરવામાં આવેલ છે.**

| અનુ. નં. | વિગત | અ-વર્ગ<br>વાસણા સ્નાનાગાર<br>સ્ટેડિયમ સ્નાનાગાર<br>વાડજ સ્નાનાગાર<br>કાંકરીયા સ્નાનાગાર<br>ઓઢવ સ્નાનાગાર<br>બાગેફીરદોશ સ્નાનાગાર<br>રાણીપ સ્નાનાગાર | | બ-વર્ગ<br>લાલદરવાજા સ્નાનાગાર<br>હાજીપુરા સ્નાનાગાર | | ક-વર્ગ<br>સાબરમતી સ્નાનાગાર<br>ખોખરા સ્નાનાગાર<br>અસારવા સ્નાનાગાર<br>સારંગપુર સ્નાનાગાર<br>સરસપુર સ્નાનાગાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર | સામાન્ય દર | કન્સેશન દર |
| (અ) | **જાણકાર સભ્યો માટે** | | | | | | |
| | સભ્ય ફી | | | | | | |
| | (અ) વાર્ષિક | ૧૮૦૦ | ૧૨૫૦ | ૧૦૦૦ | ૭૦૦ | ૭૫૦ | ૫૦૦ |
| | (બ) ત્રિ માસિક | | | | | | |
| | એપ્રિલ થી જુન | ૧૨૦૦ | ૮૫૦ | ૬૦૦ | ૪૦૦ | ૪૫૦ | ૩૦૦ |
| | જુલાઇ થી સપ્ટે | ૧૦૦૦ | ૭૦૦ | ૫૫૦ | ૪૦૦ | ૪૦૦ | ૩૦૦ |
| | ઓકટો થી ડિસે | ૪૦૦ | ૩૦૦ | ૩૫૦ | ૨૫૦ | ૨૦૦ | ૧૫૦ |
| | જાન્યુ થી માર્ચ | ૬૦૦ | ૪૦૦ | ૪૫૦ | ૩૦૦ | ૨૫૦ | ૨૦૦ |
| | (ક) છ માસિક | | | | | | |
| | એપ્રિલ થી સપ્ટે | ૧૬૦૦ | ૧૧૦૦ | ૭૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૩૫૦ |
| | ઓકટો થી માર્ચ | ૭૦૦ | ૫૦૦ | ૪૫૦ | ૩૦૦ | ૩૫૦ | ૨૫૦ |
| | (ડ) માસિક | | | | | | |
| | ફક્ત માર્ચ | ૧૫૦ | ૧૦૦ | ૧૨૦ | ૮૦ | ૧૦૦ | ૭૦ |
| (બ) | **શીખાઉ સભ્યો માટે** | | | | | | |
| | | - | - | - | - | - | - |
| ૧ | એક માસની સત્ર ફી | ૪૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૨૦૦ | ૨૫૦ | ૧૭૦ |
| (ક) | **જનરલ** | | | | | | |
| ૧ | ડુપ્લીકેટ કાર્ડ ફી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૨ | ફોર્મ ફી | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| ૩ | ગેસ્ટ ફી (ફકત જાણકાર સભ્યો માટે) | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૪ | સ્નાનાગાર ભાડે રાખવાની ડીપોઝીટ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | સ્નાનાગારનું એક દિવસનું ભાડુ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |

**નોંધ :-**

૧. તમામ પ્રવેશફોર્મની કિમત રૂા.૩૦/- લેવામાં આવે છે.
૨. ડુપ્લીકેટ કાર્ડ કાઢાવવાની ફી રૂા.૧૦૦/- છે.
૩. ગેસ્ટ ફી,ફકત જાણકાર માર્ટ રૂા.૫૦/- (ફકત ૪૫-મીનીટ)માટે સ્વીમીગનો લાભ લઈ શકશે.
૪. સ્નાનાગાર ભાડે આપવા માટે ડીપોઝીટ રૂા.૩૦૦૦/- રાખવામાં આવેલ છે.તથા દૈનિક ભાડુ રૂા.૩૦૦૦/-રાખવામાં આવેલ છે.
૫. ફકત સરકારી સંસ્થાઓને જ સ્નાનાગાર ભાડે આપવામાં આવશે અથવા તો મ્યુ.કમિશ્નર શ્રી આદેશ કરે તે મુજબ ભાડે આપવામાં આવશે.તથા કાર્યક્રમ પુરો થયા બાદ ડીપોઝીટના નાણાં પરત આપવામાં આવશે.ભાડે આપવાનો સમય ફકત બાર કલાક માટેનો રહેશે.

## <u>ડુપ્લીકેટ કાર્ડ કઢાવવા માટે</u>

- જયારે સભ્યનું પોતાનું ઓળખપત્ર ખોવાઈ જાય ત્યારે તે સભ્યએ ડુપ્લીકેટ કાર્ડ કઢાવવા માટે સ્નાનાગારના કાર્યાલયમાંથી વિનામુલ્યે ડુપ્લીકેટ કાર્ડ માટેનું ફોર્મ મેળવી તેની વિગતો ભરી તે ફોર્મની સાથે એક પાસપોર્ટ સાઈઝનો ફોટો,ફી ભર્યાની પાવતીની ઝેરોક્ષની ખરી નકલ સાથે બીડીને તે સ્નાનાગારના અધિકારી કમ કોચ સમક્ષ કે જુની.કલાર્ક સમક્ષ રજુ કરવાથી કાર્યલયમાં જરૂરી કાર્યવાહી કરી રૂ.૧૦૦/-ની ફી વસુલ લઈ ડુપ્લીકેટ કાર્ડ કાઢી આપવામાં આવશે.

## <u>ગેસ્ટ (મહેમાન)કુપન મેળવવા માટે</u>

- જે વ્યકતીને ગેસ્ટ તરીકે સ્વીમીંગનો લાભ લેવો હોય તે વ્યકત તે સ્નાનાગારના કોઈપણ જાણકાર સભ્યના ગેસ્ટ તરીકે હોવા જોઈએ તથા તેઓ પોતે જાણકાર તરવૈયા હોવા જોઈએ.તેઓ પાસેથી ૫૦/- રૂપિયા ગેસ્ટ ફી,(૪૫-મીનીટ)સ્વીમીંગ કરવા માટે વસુલ લેવામાં આવશે.તેમનો સ્નાનાગારમાં જાણકાર તરવૈયા અંગેનો સ્નાનાગારની બે લંબાઈનો ટેસ્ટ લેવામાં આવશે.તેમાં પાસ થશે તો સ્વીમીંગનો લાભ મળશે .નાપાસ થશે તો લીધા બાદ પણ સ્વીમીંગનો લાભ આપવામાં આવશે નહી.કોઈપણ સંજોગોમાં ભરેલ ગેસ્ટ ફી પાછી આપવામાં આવશે નહી.ગેસ્ટ તરીકે લાભ લેનાર વ્યકિતએ સ્નાનાગારના સભ્યો માટેના બનાવવામાં આવેલા તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

## <u>જાણકાર સભ્યપદ મેળવવા માટે</u>

- **સ્નાનાગારમાં પ્રવેશ અંગેનું ફોર્મ જેના ૩૦/-રૂા. સી.સી.સી. મારફતે વસુલ લેવામાં આવે છે.અથવા ઓન લાઈન ડાઉન લોડ કરીને મેળવવુ જે ના ૩૦ રૂા ફી ભરતી વખતે સી.સી. સી. માં ભરવાના રહેશે.**તે ફોર્મની જરૂરી વિગતો તથા દાકતરી ફીટનેસ પ્રમાણપત્રોની વિગતો ડોકટર પાસે ભરાવી,બે (૨) પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે જે તે સ્નાનાગારમાં નક્કી કરેલા જાણકાર બેચના સમયે સવારે અથવા તો સાંજે જઈ સભ્ય પ્રવેશ નોંધવહીમાં પોતાનું નામ અને પ્રવેશ ફોર્મ નંબરની માહિતી દર્શાવી સહી કરી સ્નાનાગારમાં પ્રવેશ મેળવી તે સ્નાનાગાર આસી.સ્વી.કોચ પાસે સ્નાનાગારની બે લંબાઈનો ટેસ્ટ તરીને આપવાનો હોય છે.તેમાં આસી.સ્વી.કોચ પાસ કે નપાસ અંગે પોતાના રીમાર્કસ કરી સહી કરે છે.ત્યારબાદ તે સ્નાનાગારના અધિકારી કમ કોચ સહી કરે છે અને બે પાસપોર્ટ સાઈઝના ફોટા પાછળ પણ અધીકારી કમ કોચ ટેસ્ટ પાસ કરેલ અંગે રીમાર્કસ કરી સહી કરે છે.એ ફોર્મમાં પ્રવેશ મેળવનારને કન્શેસન આપવું કે નહી તે અંગે અધીકારી કમ કોચ

જુની.કલાર્કને રીમાર્કસ કરી સહી કરી આપે છે.ત્યારબાદ તે વ્યકિતએ જાણકાર સભ્ય માટેના નક્કી કરેલા ફીના ધોરણ મુજબ કાર્યાલયમાં ફી ભરવાની હોય છે.આ કાર્યવાહી બાદ દરરોજ એક વખત ૪૫ - મીનીટ માટે તે સભ્યને સ્વીમીંગનો લાભ મળી શકે છે

**<u>મોટા શિખાઉ સભ્યપદ મેળવવા માટે</u>**

- **સ્નાનાગારમાં પ્રવેશ અંગેનું ફોર્મ ઓન લાઇન મળી શકે છે.જેના ૩૦/-રૂા. સી.સી.સી. મારફતે વસુલ લેવામાં આવે છે. અથવા ઓન લાઇન ડાઉન લોડ કરીને મેળવવુ જે ના ૩૦ રૂા ફી ભરતી વખતે સી.સી. સી. માં ભરવાના રહેશે.**તે ફોર્મની જરૂરી વિગતો અને દાકતરી ફીટનેસ પ્રમાણપત્રોની કાર્યવાહી કર્યા બાદ બે(૨) પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે તે સ્નાનાગારના અધીકારી કમ કોચ શ્રી ની સહી કરાવ્યા બાદ અધીકારી કમ કોચશ્રી તે ફોર્મમાં તે સભ્યને કન્સેશન આપવું કે નહી તેના રીમાર્કસ કરી આપે છે.ત્યારબાદ ઉમેદવારે કાર્યાલયમાં નિયત નક્કી કરેલી ફી ભરવાથી ઓળખપત્ર કાઢી આપવામાં આવે છે.મોટા શિખાઉ સભ્યપદ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવે છે.તથા સ્નાનાગાર માં જે તે બેચમાં નક્કી કરેલ સભ્ય સંખ્યાની મર્યાદા પુરી થતાં સભ્યપદ આપવાનું બંધ કરવામાં આવે છે.દરેક શિખાઉ બેચ એક માસ માટેની હોય છે જે દરેક માસની પહેલી તારીખથી આખર તારીખ સુધીની ગણવામાં આવે છે.તે અંગે પ્રવેશપત્ર આપવાની તથા ફી સ્વીકારવાની કાર્યવાહી બેચ ચાલુ થાય તે પહેલા દશ દિવસ અગાઉથી કરી દેવામાં આવે છે.પરંતુ સભ્યને સ્વીમીંગનો લાભ પહેલી તારીખથી શરૂ કરવામાં આવે છે.મોટા શિખાઉ તરીકે પ્રવેશ મેળવવામાટે ૧૨- વર્ષથી મોટાને જ પ્રવેશ આપવામાં આવે છે.વીરસાવરકર મ્યુનિ.સ્નાનાગારમાં મીનીમમ ૪૮ ઈંચ હાઈટ હોવી જોઇએ તેમજ ઓઢવ,બાગેફિરદોશમાં મોટા હોજમાં શિખાઉ સભ્યો માટે ૬૦ ઈંચ હાઇટ અનિવાર્ય છે.તે સિવાયના કોઈપણ સ્નાનાગારમાં ૪૨-ઈંચની હાઈટ હોય તેને પ્રવેશ આપવામાં આવે છે.

## બાળ શિખાઉ સભ્ય પદ મેળવવા માટે

- જે તે સ્નાનાગારમાં પ્રવેશ મેળવવા માટે કાર્યાલયમાંથી રૂા.૩૦/- ફી ભરી તે અંગેનું પ્રવેશફોર્મ મેળવવાનું હોય છે.અથવા ઓન લાઇન ડાઉનલોડ કરીને મેળવવુ જેના ૩૦/- ફી ભરતી વખતે સી.સી.સીમાં ભરવાના રહેશે. તે ફોર્મની જરૂરી વિગતો અને ડોકટરી ફીટનેસ પ્રમાણપત્રોની કાર્યવાહી કર્યા બાદ બે (૨) પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે તે સ્નાનાગારના અધીકારી કમ કોચશ્રી સમક્ષ રજુ કરવાથી તેઓ તે ફોર્મમાં તે ઉમેદવારને કન્સેશન આપવું કે નહી તેના રીમાર્કસ કરી સહી કરી આપે છે.ત્યારબાદ કાર્યાલયમાં નિયત નક્કી કરેલ ફી ભરવાથી ઓળખપત્ર કાઢી આપવામાં આવે છે.બાળ શિખાઉ સભ્ય પદ વહેલાતે પહેલાના ધોરણે આપવામાં આવે છે.તથા સ્નાનાગારમાં જે બેચમાં નક્કી કરેલ સભ્ય -સંખ્યાની મર્યાદા પુરી થતાં સભ્યપદ આપવાનું બંધ કરવામાં આવે છે.દરેક શિખાઉ બેચ એક માસની હોય છે.જે દરેક માસની પહેલી તારીખથી આખર તારીખ સુધી ગણવામાં આવે છે.તે અંગે પ્રવેશપત્ર આપવાની અને ફી સ્વીકારવાની કાર્યવાહી બેચ ચાલુ થાય તે પહેલા દશ દિવસ અગાઉથી કરી દેવામાં આવે છે.પરંતુ સભ્યને સ્વીમીગ અંગેનો લાભ પહેલી તારીખથી આપવામાં આવે છે.બાળ શિખાઉ સભ્ય તરીકે પ્રવેશ મેળવવા માટે વીરસાવરકર મ્યુનિ.સ્નાનાગારમાં ૪૮ - ઈંચ હાઈટ હોવી જરૂરી છે તથા અન્ય બાળ સ્નાનાગારોમાં ૪૨-ઈંચ હાઈટ હોવી જરૂરી છે.તથા તમામ બાળ સ્નાનાગારમાં ૫ થી ૧૨ વર્ષની ઉમરના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.

## સુચન / ફરીયાદ પેટી

- તમામ સ્નાનાગાર ઉપર સભ્યોને માટે સ્નાનાગાર અંગે સુચન કે ફરીયાદ હોય તો તે માટે સુચન/ ફરીયાદ પેટીનો ઉપયોગ કરી શકે તે માટે તે મુકવામાં આવેલ છે.તેનો લાભ સભ્યો જરૂર જણાય તો લઈ શકે છે.તેમાં આવેલ સુચનો અને ફરીયાદોને તે સ્નાનાગારના અધીકારી કમ કોચશ્રી દ્વારા દર પંદર દિવસે એક વાર તે પેટી ખોલી આવેલ સુચનો અને ફરીયાદો પોતાના તાબા હેઠળના રજીસ્ટરમાં ઈનવર્ડ કરી,નોંધ કરી અને આગળની જરૂરી કાર્યવાહી કરી અને કરાવવા સારૂ સ્નાનાગાર સુપ્રિ.શ્રી તરફ ધટતા પગલા અંગે મોકલવામાં આવે છે.તથા તે સ્નાનાગાર સુપ્રિ.શ્રી ખાતાના ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી પાસે તે અરજી અને સુચનો આગળની જરૂરી કાર્યવાહી માટે અને ધટતા પગલા લેવા માટે મોકલવામાં આવે છે.

**<u>તમામ સ્નાનાગારમાં નીચે દર્શાવ્યા મુજબ રજાઓ નકકી કરવામાં આવેલ છે.</u>**

- સ્ટેન્ડીગ કમીટી ઠરાવ નંબર :-૬૨૧,તા.૧૨-૦૭-૧૯૯૧,કામ નં.૨૪ મુજબ મળેલ મંજુરીને અનુસંધાને મ્યુ.કોર્પોરેશન તરફથી જાહેર થતી તમામ ૨૮ જેટલી જાહેર રજાઓના દિવસે મ્યુ.સ્નાનાગારો બંધ રાખવા મ્યુ.કોર્પોરેશન ઠરાવ નંબર :-૨૧૫,તા.૨૫-૦૪-૧૯૮૦ થી નિતી નકકી થયેલ છે.તેને બદલે પત્રક - અ. માં જણાવ્યા પ્રમાણે તે જાહેર રજાના દિવસોએ મ્ય.સ્નાનાગાર સંપુર્ણ બંધ રાખવા પત્રક-બ,માં જણાવ્યા પ્રમાણે પંદર જાહેરરજાના દિવસોએ સ્નાનાગારો ચાલુ રાખવાની મજુર પંદર જાહેર તહેવારના રજાના દિવસોએ મ્યુ.સ્નાનાગારના જે કર્મચારી ફરજ બજાવે તેને-૧૫ સ્પેશયલ કેજ્યુલ રજા દર વર્ષે આપવાની તથા વિભાગીય તહેવારોના દિવસે જે તે કર્મચારીને રજાઓ ભોગવવા દેવાની પણ તે દિવસે સ્નાનાગારો ચાલુ રાખવાની નીતિ રાખવાની મ્યુ.કોર્પોરેશનની મંજુરીની અપેક્ષાએ સ્ટેન્ડીગ કમીટીએ મંજુરી આપેલ છે.નીચે દર્શાવેલ પત્રક
- **પત્રક- અ મુજબ તેર (૧૩)જાહેર રજાનાં દિવસોએ સ્નાનાગાર સંપૂર્ણ બંધ રહેશે.**

| | |
|---|---|
| (૧) મકરસક્રંતિ | (૨) પ્રજાસત્તાકદિન |
| (૩) મહાશિવરાત્રી | (૪) ધૂળેટી |
| (૫) રમજાનઈદ | (૬) સ્વાતંત્રયદિન |
| (૭) રક્ષાબંધન | (૮) જન્માષ્ટમી |
| (૯ દશેરા | (૧૦) કાળીચૈદસ |
| (૧૧) દિવાળી | (૧૨) બેસતુ વર્ષ |
| (૧૩) ભાઈબીજ | |

- **<u>પત્રક - બ મુજબ જાહેર રજાઓ દરમ્યાન સ્નાનાગાર ચાલુ રહેશે.</u>**

| | |
|---|---|
| (૧) ચેટીચંદ | (૨) રામનવમી |
| (૩) મહાવીરજંયતી | (૪)ગુડફ્રાઈડે |
| (૫) ડો.બાબાસાહેબ આંબેડકર જંયતિ | (૬) મે-દિન |
| (૭) બકરી ઈદ | (૮) રથયાત્રા |
| (૯ મહોરમ | (૧૦) નામી અનામી શહીદદિન |
| (૧૧) જૈનસંવતસરી | (૧૨) ઈદે મિલાદ |
| (૧૩) મહાત્મા ગાંધી જન્મજયંતિ | (૧૪) સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ |
| (૧૫) નાતાલ | |

**<u>અમદાવાદ મ્યુ.સંચાલિત મ્યુ.સ્નાનાગારોમાં પ્રવેશ આપવા માટે અન્ય વહીવટી નીતી નિયમો અંગે મ્યુ.કમિશ્નર સાહેબ ઠરાવનં.૩ તા.૦૭-૦૮-૨૦૦૦ થી મંજુરી મળેલ છે.</u>**

૧. દરેક સ્નાનાગાર ઉપરથી સભ્ય પદ માટે આપવામાં આવતા પ્રવેશપત્રો સભ્યોની માંગણી તથા જરૂરિયાત મુજબ અમર્યાદિત સંખ્યામાં આપવામાં આવશે.

૨. પ્રવેશપત્ર મેળવવાથી સ્નાનાગારમાં પ્રવેશનો હક્ક મળી શકશે નહી.પરંતુ સ્નાનાગારની તતકાલિન સભ્ય સંખ્યા તથા પ્રવેશ માટેની સાનુકુળતા મુજબ પ્રવેશ માટેની જગ્યા થવાથી સભ્ય થવા ઈચ્છનારને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૩. એક બેચમાં નક્કી કરવામાં આવેલી સભ્ય સંખ્યા ફકત સ્નાનાગારમાં છીછરા (સેલો) વિભાગ પુરતી જ મર્યાદિત રહેશે.

૪. સેમીડીપ કે ડીપ વિસ્તારમાં તાલીમ લેવા ગયેલ સભ્યોને સંખ્યાને છીછરા વિભાગના નક્કી કરેલ સભ્યસંખ્યામાં ગણવી નહી.

૫. શિખાઉ સભ્ય તાલીમ મેળવીને સેમીડીપ કે ડીપ વિભાગમાં તાલીમ માટે જાય અને સેલો વિભાગમાં તે પ્રમાણે થયેલ ખાલી જગ્યાના પ્રમાણમાં નવા સભ્યોને પ્રવેશ આપવામાં આવશે.

૬. ભવિષ્યમાં સભ્યોના ધસારાને પહોંચી વળવા માટે સક્ષમ સત્તાની મંજુરી થી જરૂરીયાત મુજબ સભ્ય સંખ્યામાં ફેરફાર કરવામાં આવશે.

૭. ઉપરાંત કોઈપણ સ્નાનાગારમાં અનિવાર્ય સંજોગોને કારણે પાણી ઓવરફલો થાય તે સપાટી સુધી સ્નાનાગારમાં પાણી ભરાયેલ હોવું જોઈએ તે સપાટી કરતાં એક ફુટ કે તેથી વધુ ઓછુ હોય તો સ્નાનાગારમાં લાભ લેનાર સભ્યોના તથા મ્યુનિ.કોર્પોરેશનના હિતમા સ્નાનાગાર બંધ રાખી જરૂરી લેવલ સુધી પાણી ભરી સ્નાનાગાર ચાલુ કરવા માટે તજવીજ કરવી તથા કરાવવાની રહેશે.

૮. મ્યુ.કોર્પોરેશન સંચાલીત કોઈપણ સ્નાનાગારમાં જાણકાર સભ્યનો સ્વીમીગ અંગેનો ટેસ્ટ કોઈપણ આસી.સ્વી.કોચ લઈ શકાશે.

૯. જે શિખાઉ સભ્યો નક્કી કરેલી બેચની સમયમર્યાદામાં સ્વીમીગ ન શીખી શકે તેવા સભ્યોને પોતાનું સભ્યપદ ફરીથી રીન્યુ કરાવવા માટે પ્રવેશનો હક્ક અબાધિત રહેશે નહી પરંતુ ઉપલબ્ધ સગવડતા મુજબ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૧૦. બાળ સ્નાનાગારમાં શિખાઉ સભ્યો માટે નક્કી કરેલ સભ્યસંખ્યા (દરેક સ્નાનાગાર વાઈઝ અલગ-અલગ)મુજબ લાભ આપવામાં આવશે. તથા સભ્યોના પ્રવેશ અંગેના ધસારાને અનુરૂપ જરૂરિયાત મુજબ વધારાની બેચો સક્ષમ સતાની મંજુરીથી ચલાવવામાં આવશે.

૧૧. વધુ બેચો ચલાવવાથી કર્મચારીઓના ફરજના કલાકો વધી જતા હશે તો સક્ષમ સત્તાની મંજુરીથી જરૂરી હુકમો મેળવી વ્યવસ્થાનું આયોજન કરવાનું રહેશે.

૧૨. સાંજની શિખાઉ બેચ ચાલુ રહે અને નાના બાળકોને વધુ તાલીમ માટે મોટા સ્નાનાગારમાં લાવવાના થાય ત્યારે સાંજની જાણકાર બેચના સમયમાં ધટાડો કરી જરૂરી સગવડ ઉભી કરવી.

**નીચે જણાવ્યા મુજબ સ્નાનાગારમાં સભ્ય સંખ્યા વિસ્તારને અનૂરૂપ નક્કી કરેલ છે.**

| સ્નાનાગાર નું નામ | વર્ગ | સરનામું | સેલો વિ.ની.પ્રવેશ માટેની સભ્ય સંખ્યા |
|---|---|---|---|
| શ્રી વીરસાવરકર મ્યુનિ.સ્નાનાગાર | અ | વાસણા | ૧૫૦ |
| શ્રી સરદાર પટેલ સ્ટેડીયમ મ્યુનિ.સ્નાનાગાર | અ | સ.પ.સ્ટેડીયમ | ૧૫૦ |
| શ્રી હિરાભાઈ સ્મારક મ્યુનિ.સ્નાનાગાર | અ | કાંકરીયા | ૧૫૦ |
| વાડજ મ્યુનિ.સ્નાનાગાર | અ | વાડજ | ૧૫૦ |
| ક્રિકેટરશ્રી વિનુમાંકડ મ્યુ.સ્નાનાગાર | અ | રાણીપ | ૧૫૦ |
| ક્રાંતિવીર વિઠલભાઇ પટેલ મ્યુ.સ્નાનાગાર | અ | ઓઢવ | ૧૫૦ |
| સ્વામી વિવેકાનંદ જીમ્નેશીયમ અને સ્નાનાગાર | અ | બાગેફિરદોશ | ૧૫૦ |
| શ્રી રમણભાઈ લ.મ્યુનિ.સ્નાનાગાર | બ | લાલદરવાજા | ૦૮૦ |
| હાજીપુરા મ્યુનિ.સ્નાનાગાર | બ | હાજીપુરા | ૦૮૦ |
| શ્રી કાંતિભાઈ ફુ.ધીયા.મ્યુનિ.સ્નાનાગાર | ક | સાબરમતી | ૦૬૦ |
| શ્રી વસંત ગજેન્દ્ર ગડકર મ્યુનિ.સ્નાનાગાર | ક | સારંગપુર | ૦૬૦ |
| શ્રી લાલભાઈ છ.પટેલ મ્યુનિ.સ્નાનાગાર | ક | ખોખરા | ૦૬૦ |
| શ્રી ચુનિલાલ જેઠાજી પ્રજાપતિ મ્યુ. સ્નાનાગાર અસારવા | ક | અસારવા | ૦૬૦ |
| શ્રી સોમનાથ પ્ર.દવેમ્યુ.સ્નાનાગાર | ક | સરસપુર | ૦૬૦ |

## શિખાઉ સભ્યપદ મેળવવા બાબત

૧. સભ્ય થવા ઈચ્છતી વ્યકતએ તે અંગેનું પ્રવેશપત્ર પુરી તથા સાચી હકીકત સાથે ભરી દાખલ થવા અંગેની દાકતરી તપાસ,તરતા જાણવા અંગેની પરીક્ષા વિ.અમલમાં હોય તે જરૂરી વિધિ પસાર કરવાની રહેશે.

૨. ઉપરની તમામ વિધિ વખતે પોતાનાં પાસપોર્ટ સાઈઝનાં-ર ફોટોગ્રાફ પ્રવેશપત્ર સાથે રજુ કરવાના રહેશે.

૩. પ્રવેશપત્રમાં સાચી તેમજ પુરી હકીકત રજુ ન કરનાર વ્યકતીને સભ્યપદ શરુઆતથીજ રદ બાતલ ગણાશે.

૪. ૧૮ વર્ષથી નીચેની ઉમર ધરાવનાર વ્યકતી પ્રવેશપત્રમાં પોતાના પિતા અગર વાલીની સમતિદર્શક સહી મેળવવાની રહેશે.

## મોટા શિખાઉ સભ્યોએ પાળવાના નિયમો

૧. સ્નાનાગારમાં સવીંમીગ કરવા માટે કે સ્નાનાગારના ક્ષેત્રફળમાં કાર્યક્રમ અંગે પ્રવેશ મેળવવા માટે પોતાનું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.

૨. શાવરરૂમ વિભાગમાં પ્રવેશ કરતી વખતે તેમજ બહાર નીકળતી વખતે પ્રવેશદ્વાર ઉપર સ્ભ્યના પ્રવેશ અંગેની નોંધબુકમાં તમામ નોંધ તથા સહી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ કરવાની રહેશે.

૩. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા અગાઉ શાવરરૂમ વિભાગમાં સપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાના કરવાનું રહેશે.

૪. ન્હાવા માટે વાંધાજનક ગણી શકાય તેવો ઘેરા રંગનો તરવા અંગેનો પહેરવેશ દરેક સભ્યોએ પહેરવાનો રહેશે.ઉપરાંત સ્ત્રીઓ તેમજ લાંબા વાળ ધરાવતી વ્યકિતઓએ સ્વીમીગ કેપ પહેરવાની રહેશે.

૫. નિયત જગ્યા સિવાય કોઈપણ સભ્ય સ્નાનાગારના પણીમાં કે બહાર સ્થળ ઉપર થુંકવાની,પેશાબ કરવાની અગર મળત્યાગ કરવાની ક્રિયા ન્યુસન્સ કરી શકશે નહી.

૬. કોઈપણ સભ્ય,આકસ્મિક મુલાકાતી કે સભ્યના મહેમાન જે ચામડીના કોઈપણ ચેપીરોગથી પીડાતા હોવાનું માલુમ પડશે તો જયાં તેવો રોગ સંપુર્ણ દુર થયો હોવાની ખાતરી અધિકૃત

અધિકારીને સંતોષજનક રીતે ન થાય ત્યાં સુધી તેમને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

૭. સ્નાનાગારમાં તરતી વખતે,તાલીમ લેતી વખતે કોઈપણ સભ્ય સાથે તોફાન,માટેથી બુમા બુમ અગર બીજા સભ્યોને વાંધાજનક હોય તેવું વર્તન કરી શકશે નહી.

૮. કોઈપણ સભ્ય સ્વીમીગ ઈન્સ્ટ્રકટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહી.

૯. કોઈપણ સભ્ય દિવસમાં એકથી વધુ વખત તેમજ એકીસાથે ૪૫-મીનીટથી વધુ સમય સ્નાનાગારનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. શિખાઉ તેમજ તરતા જાણકાર સભ્યોનો નિયત સમય પુરો થતાં ૫ - મીનીટ અગાઉ ઘંટડી વગાડવામાં આવશે જે બાદ દરેક સભ્યએ પાંચ મીનીટમાં જ સ્નાનાગારના પાણીમાંથી બહાર આવી જવાનું રહેશે.ત્યારબાદ ૧૫-મીનીટમાં જ શાવર લઈને શાવરરૂમ વિભાગની બહાર આવી જવાનું રહેશે.

૧૧. કોઈપણ સભ્ય બીજી વ્યકતને પોતાનું ઓળખપત્ર આપી શકશે નહી.તેમજ ઓળખપત્ર માટેની માહિતીમાં કોઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકશે નહી .આમ કરનાર વ્યકિતનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૧૨. તરતા જાણકાર અગર શિખાઉ સભ્યો માટેનો નિયત સમય પુરો થવાની પંદર મીનીટઅગાઉ પ્રવેશ આપવાનું બંધ કરવામાં આવશે.

૧૩.સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ સ્ભ્યોએ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરની સુચનાઓ તેમજ આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

૧૪. કોઈપણ વ્યકતી કે સભ્ય સ્નાનાગારની જગ્યામાં કુતરા અગર તેવા બીજા જાનવર લાવી શકશે નહી.

૧૫. કોઈપણ સભ્યએ સ્નાનાગારમાં સ્વીમીંગમાટે આવતી વખતે કિંમતી મીલકત જેવી કે, પૈસા, પાકીટ,ઘડિયાળ ,મોબાઈલ અગર ઘરેણા વિગેરે સાથે ન લાવવા ખાસ સુચના આપવામાં આવે છે.આવી કોઈપણ વસ્તુ કે મિલકત ગુમ થવા અગર ચોરાઈ જવા માટે મ્યુ.કોપોરેશન કે તેમના કોઈપણ કર્મચારીની જવાબદારી રહેશે નહી.

૧૬. શિખાઉ સભ્યોએ તાલીમ વર્ગમાં તાલીમ લેતી વખતે ઓળખપત્રમાં દર્શાવેલ સુચનાઓ તેમજ

ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરના આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી સિવાય ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહી.

૧૭.મ્યુ.કમિશ્નર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રીની લેખીત મંજુરી સીવાય કોઈપણ સભ્ય સ્નાનાગાર તરફથી યોજાતી સ્વીમીંગ કોમ્પીટીશનની સ્પર્ધાઓ સિવાય બીજી કોઈ સ્વીમીંગ કોમ્પીટીશનની સ્પર્ધામાં મ્યુ.સ્નાનાગાર તરફથી ભાગ લેતા હરીફ સામે ભાગ લઈ શકશે નહી.

૧૮. સભ્ય માટેના તમામ નિયમો તેઓના મહેમાનો કે આકસ્મિક મુલાકાતીને બંધનકર્તા રહેશે.

૧૯. સભ્યોએ પાળવાના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અથવા સ્નાનાગારની જગામાં અસભ્ય વર્તણુંક કરવા માટે અગર તો કોઈપણ સુચનાનાં અનાદર માટે જે તે ગુન્હેગાર સભ્ય સામે મ્યુ.કમિશનર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રી પગલા લઈશકશે તથા તેવા સભ્યને સ્નાનાગારની જગ્યામાંથી બહાર કાઢી શકાશે,ઓળખપત્ર જપ્ત કરી શકશે તેમજ તેવા સભ્યનું સભ્યપદ યોગ્ય લાગે તેટલા સમય માટે સ્થગીત(સસ્પેન્ડ) કરી શકશે, અગર તો સર્ટીફીકેટ ઓફ પોસ્ટીગથી નોટીસ આપી સભ્ય પદ રદ કરી શકશે.આ નિયમાનુસાર લીધેલા પગલા અંગે મ્યુ.કમિશ્નર કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપવા બંધાયેલા રહેશે નહી.

૨૦. મ્યુ.કોર્પોરેશન કે તેમના કોઈપણ કર્મચારી સ્નાનાગારની જગ્યામાં થતા કોઈપણ અકસ્માત, ઈજા, નુકશાન કે મૃત્યુ માટે જવાબદાર રહેશે નહી.

૨૧. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસ કે સમયે સ્નાનાગાર બંધ કરવાની કે કોઈપણ સભ્ય ને પ્રવેશ ન આપવાની મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત અધિકારીને સત્તા રહેશે.

૨૨. ઉપરના સામાન્ય નિયમ તથા શરતો ઉપરાંત તેને બાદ ન આવે તે રીતે સંજોગો અનુસાર મ્યુ. કમિશ્નર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રી જરૂરી પગલા લઈ શકશે અને તેમાં સુધારો કરી શકશે.

**<u>નોંધ :-</u>**

૧. સભ્ય તરફથી ભરવામાં આવેલ ફી પાછી આપવામાં આવશે નહી.

૨. સત્ર દરમ્યાન કાઈપણ તારીખ ભરેલ ફી સત્રની પહેલી તારીખથી ગણાશે.

૩. તાલીમથી નિયત સત્રની આખર સુધીમાં સભ્યએ તરવાની પરીક્ષા પસાર કરવાની રહેશે.

૪. સત્રની આખર તારીખ સુધીમાં પરીક્ષા પસાર ન કરનાર કે પરીક્ષા ન આપનારનું સભ્યપદ આખર તારીખ બાદ રદ ગણાશે પછીના સત્રમાં નવેસરથી પ્રવેશ મેળવવાનો રહેશે.

## તરતા જાણકાર અંગેના નિયમો

૧. સ્નાનાગારમાં સ્વીમીંગ કરવા માટે કે સ્નાનાગારનાં ક્ષેત્રફળમાં કાયક્રમ અંગે પ્રવેશ મેળવવા માટે પોતાનું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.

૨. શાવરરૂમ વિભાગમાં પ્રવેશ કરતી તેમજ બહાર નીકળતી વખતે પ્રવેશદ્વાર ઉપર સભ્યના પ્રવેશઅંગેની નોંધબુકમાં તમામ નોંધ તથા સહી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ કરવાની રહેશે.

૩. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા અગાઉ શાવરરૂમ વિભાગમાં સંપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાન કરવાનું રહેશે.

૪. ન્હાવા માટે વાંધા જનક ગણી શકાય તેવો ગેરા રંગનો તરવા અંગેનો પહેરવેશ દરેક સભ્યએ પહેરવાનો રહેશે.ઉપરાંત સ્ત્રીઓ તેમજ લાંબા વાળ ધરાવતી વ્યકતઓએ સ્વીમીંગ કેપ પહેરવાની રહેશે.

## તરતા જાણકાર પાળવાના નિયમો

૧. નિયત જગ્યા સિવાય કોઈપણ સભ્ય સ્નાનાગારના પાણીમાં કે બહાર સ્થળ ઉપર થુકવાની,પેશાબ કરવાની અગર મળત્યાગ કરવાની ક્રિયા અગર ન્યુસન્સ કરી શકશે નહીં.

૨. કોઈપણ સભ્ય,આકસ્મિક મુલાકાતી કે સભ્યના મહેમાન જે ચામડીના કોઈપણ ચીપીરોગથી પીડાતા હોવાનું માલુમ પડશે તો જયાં તેવો રોગ સંપુર્ણ દુર થયો હોવાની ખાતરી અધિકૃત અધિકારીને સંતોષજનક રીતે ન થાય ત્યાં સુધી તેમને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૩. સ્નાનાગારમાં તરતી વખતે લેતી વખતે કોઈપણ સભ્ય સાથે તોફાન,માટેથી બુમા બુમ અગર બીજા સભ્યોને વાંધાજનક હોય તેવું વર્તન કરી શકાશે નહી.

૪. કોઈપણ સભ્ય સ્વીમીગ ઈન્સટ્રકટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહીં.

૫. કોઈપણ સભ્ય દિવસમાં એકથી વધુ વખત તેમજ એકીસાથે ૪૫-મીનીટથી વધુ સમય સ્નાનાગારનો ઉપયોગ કરી શકશે નહી.

૬. શિખાઉ તેમજ તરતા જાણકાર સભ્યોનો નિયત સમય પુરો થતાં ૫ - મિનીટ અગાઉ ઘંટડી વગાડવામાં આવશે જે બાદ દરેક સભ્યએ પાંચ મીનીટમાં જ સ્નાનાગારના પાણીમાંથી બહાર

આવી જવાનું રહેશે.ત્યારબાદ ૧૫-મીનીટમાં જ શાવરરૂમ વિભાગની બહાર આવી જવાનું રહેશે.

૭. કોઈપણ સભ્ય બીજી વ્યકતને પોતાનું ઓળખપત્ર આપી શકશે નહી.તેમજ ઓળખપત્ર માટેની માહિતીમાં કોઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકશે નહી.આમ કરનાર વ્યકિતીનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૮. તરતા જાણકાર અગર શિખાઉ સભ્યો માટેનો નિયત સમય પુરો થવાની પંદર મીનીટ અગાઉ પ્રવેશ આપવાનું બંધ કરવામાં આવશે.

૯. સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ સ્ભ્યોએ ફરજ પરના સ્વીમીગ ઈન્સ્ટ્રકટરની સુચનાઓ તેમજ આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈપણ વ્યકતી કે સભ્ય સ્નાનાગારની જગ્યામાં કુતરા અગર તેવા બીજા જાનવર લાવી શકશે નહી.

૧૧. કોઈપણ સભ્યએ સ્નાનાગારમાં સ્વીમીંગમાટે આવતી વખતે કિંમતી મીલકત જેવી કે, પૈસા, પાકીટ, ઘડિયાળ ,મોબાઇલ અગર ઘરેણા વિગેરે સાથે ન લાવવા ખાસ સુચના આપવામાં આવે છે.આવી કોઈપણ વસ્તુ કે મિલકત ગુમ થવા અગર ચોરાઈ જવા માટે મ્યુ.કોપોરેશન કે તેમના કોઈપણ કર્મચારીની જવાબદારી રહેશે નહી.

૧૨. શિખાઉ સભ્યોએ તાલીમ વર્ગમાં તાલીમ લેતી વખતે ઓળખપત્રમાં દર્શાવેલ સુચનાઓ તેમજ ફરજ પરના સ્વીમીગ ઈન્સ્ટ્રકટરના આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી સિવાય ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકશે નહી.

૧૩.મ્યુ.કમિશ્નર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રીની લેખીત મંજુરી સીવાય કોઈપણ સભ્ય સ્નાનાગાર તરફથી યોજાતી સ્વીમીગ કોમ્પીટીશનની સ્પર્ધાઓ સિવાય બીજી કોઈ સ્વીમીગ કોમ્પીટીશનની સ્પર્ધામાં મ્યુ.સ્નાનાગાર તરફથી ભાગ લેતા હરીફ સામે ભાગ લઈ શકશે નહી.

૧૪. સભ્ય માટેના તમામ નિયમો તેઓના મહેમાનો કે આકસ્મિક મુલાકાતીને બંધનકર્તા રહેશે.

૧૫. સભ્યોએ પાળવાના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અથવા સ્નાનાગારની જગામાં અસભ્ય વર્તણુંક કરવા માટે અગર તો કોઈપણ સુચનાનાં અનાદર માટે જે તે ગુન્હેગાર સભ્ય સામે મ્યુ.કમિશનર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રી પગલા લઈ શકશે તથા તેવા સભ્યને સ્નાનાગારની જગ્યામાંથી બહાર કાઢી શકાશે,ઓળખપત્ર જપ્ત કરી શકશે તેમજ તેવા સભ્યનું સભ્યપદ યોગ્ય

લાગે તેટલા સમય માટે સ્થગીત(સસ્પેન્ડ) કરી શકશે, અગર તો સર્ટીફીકેટ ઓફ પોસ્ટીગથી નોટીસ આપી સભ્ય પદ રદ કરી શકશે.આ નિયમાનુસાર લીધેલા પગલા અંગે મ્યુ.કમિશ્નર કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપવા બંધાયેલા રહેશે નહી.

૧૬. મ્યુ.કોર્પોરેશન કે તેમના કોઈપણ કર્મચારી સ્નાનાગારની જગ્યામાં થતા કોઈપણ અકસ્માત, ઈજા, નુકશાન કે મૃત્યુ માટે જવાબદાર રહેશે નહી.

૧૭. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસ કે સમયે સ્નાનાગાર બંધ કરવાની કે કોઈપણ સભ્ય ને પ્રવેશ ન આપવાની મ્યુ.કમિશ્નરશ્રી અધિકૃત અધિકારીને સત્તા રહેશે.

૧૮. ઉપરના સામાન્ય નિયમ તથા શરતો ઉપરાંત તેને બાદ ન આવે તે રીતે સંજોગો અનુસાર મ્યુ. કમિશ્નર શ્રી અગર અધિકૃત અધિકારીશ્રી જરૂરી પગલા લઈ શકશે અને તેમાં સુધારો કરી શકશે.

**<u>નોંધ :-</u>**

૧. સભ્ય તરફથી મુલાકાતી તરફથી ભરવામાં આવેલી ફી પાછી આપવામાં આવશે નહી.

૨. વાર્ષિક સભ્યપદ જે તે વર્ષના એપ્રિલ માસની પ્રથમ તારીખથી પછીના વર્ષના માર્ચ માસની આખર સુધીનું ગણાશે.

૩. છ-માસીક તથા ત્રિમાસિક સભ્યપદ જે તે સત્ર મુજબનુ રહેશે(સ્ટે.કમિટી.ઠ.નં.૧૫૩૨ તા.૦૫-૧૨-૨૦૧૩થી મળેલ મંજુરી અનુસાર)

૪. માસિક સભ્યપદ ફક્ત માર્ચ માસની પહેલી તારીખથી આખર તારીખ સુધીનું ગણાશે.

૫. ઉપર બતાવેલ જુદા જુદા સમયગાળા દરમ્યાન વચ્ચેની તારીખે ભરવામાં આવેલ ફી સભ્યપદના જે તે ગાળાની પહેલી તારીખથી ગણાશે.

**<u>સ્નાનાગાર શાખાના કર્મચારીઓના નામ, હોદ્દો, અને પગાર ધોરણની માહિતી</u>**

| અ.નં. | કર્મચારી નું નામ | હોદ્દો | ગ્રેડ |
|---|---|---|---|
| ૧ | શ્રી પથિકભાઇ શાહ | સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ (ઈન્ચાર્જ) | -- |
| ૨ | શ્રી યોગેશભાઈ રાણા | સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ (હાલમાં ફાળવણી ઝુ.ખાતુ) | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ૩ | શ્રી દિનેશચંદ્ર ડી.ભટ્ટ | ડે.સ્નાના.સુપ્રિ. | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ૪ | શ્રી કમલેશભાઇ પંડયા | સીની.કલાર્ક (હેડ કલાર્ક) (ફાળવણી)થી | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ૫ | કુ.દિપીકાબેન .શાહ | પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ (લેડીઝ) ( ૨૫ % મુજબ) | ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૬ | શ્રી નિલેષ બાલમુકુન્દ સેવાક | અધિકારી કમ કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૭ | શ્રી વીજય નટવરલાલ ભટ્ટ | અધિકારી કમ કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૮ | શ્રી અયુબખાન જી.પઠાણ | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૯ | શ્રી બીપીન પી. ગજ્જર | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૦ | શ્રી સંજયકુમાર જી.દરજી | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૧ | શ્રી રાકેશ એ.શાહ | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૨ | શ્રી કલ્પેશકુમાર એન.ભટ્ટ | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૩ | શ્રી નરેન્દ્ર પી.ચીરન્દાસ | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૪ | શ્રી ચન્દ્રશેખર એલ.મુદલ્યાર | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૫ | શ્રી દશરથ ડી.પાંડોર | અધિકારી કમ કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૬ | શ્રી રાકેશ પી.કીનારીવાલા | આસી.સ્વી.કોચ | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૭ | શ્રી રમેશભાઈ બી.વાઘેલા | જુની.કલાર્ક (ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૧૮ | જશવંત જે.ખાંટ | જુની.કલાર્ક(હેડ ઓફિસ બી.કા) | ફીકસ |
| ૧૯ | શ્રી ભીમજીભાઈ જે.દેસાઈ | જુની.કલાર્ક (ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૦ | શ્રી નેહુલ આર.વાઘેલા | જુની.કલાર્ક (ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૧ | શ્રી વિરલ જે.કાપડીયા | જુની.કલાર્ક (ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૨ | શ્રી કનકસિંહ યુ.ગોળ | જુની કલાર્ક(ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૩ | શ્રી દેવાંગ જયેન્દ્રભાઈ આચાર્ય | જુની કલાર્ક(ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૪ | શ્રી શર્મિલ ભાઉ | જુની કલાર્ક (હેડ ઓફિસ બી.કા) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૫ | શ્રી અલ્તાફ ડી.શેખ | જુની કલાર્ક(હેડ ઓફિસ) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૨૬ | શ્રી મહેશ કે ગોહીલ | પટાવાળા(ફાળવણી) | ફીક્સ |
| ૨૭ | શ્રી જયંતીભાઇ એ.પરમાર | પટાવાળા(ફાળવણી) | ફીક્સ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | શ્રી ઉમેશ એમ.રાવલ | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૨૯ | શ્રી સુનીલ એમ.ભાવસાર | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૦ | શ્રી બાબુભાઈ એચ.પરમાર | પટાવાળા(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૧ | શ્રી જગદીશ એન.બારોટ | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૨ | શ્રી દીલીપ કે.ભાવસાર | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૩ | શ્રી રમેશ જી.ઠાકોર | પટાવાળા(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૪ | શ્રી મનુભાઈ જે.દવે | પટાવાળા(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૫ | શ્રી સુરેશ એસ.પ્રજાપતી | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૬ | શ્રી ફુલાજી એફ.રાઠોડ | પટાવાળા(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૭ | શ્રી સુરેશ એસ.બાથવી | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૮ | શ્રી વસંત પટેલ | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| ૩૯ | શ્રી કનૈયા એલ.વાઘેલા | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૦ | શ્રી ગોપાલ કે.સોલંકી | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૧ | શ્રી મંગાભાઈ શીવાભાઈ | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૨ | શ્રી ગૌતમ બી.સોલંકી | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૩ | શ્રી અશોક એલ.વાઘેલા | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૪ | શ્રી અજય વી.પરમાર | સફાઈ-કામદાર | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૫ | શ્રી ભીખાભાઈ બી.ઠાકોર | વોચમેન | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૬ | શ્રી હસમુખ એન.સોલંકી | વોચમેન | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૭ | શ્રી પીન્ટુ પી.સોલંકી | વોચમેન | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૮ | શ્રી પુરણસીહ કિશનસિંહ | વોચમેન(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૪૯ | શ્રી ઉમેશ એમ.બસીયા | વોચમેન | ૪૪૪૦-૭૪૪૦ |
| ૫૦ | શ્રી લાલજી મેલાજી.ઠાકોર | વોચમેન | ૪૪૪૦-૭૪૪૦ |
| ૫૧ | શ્રી ગણપત સી.ઠાકોર | વોચમેન(ફાળવણી) | ૪૪૪૦-૭૪૪૦ |
| ૫૨ | શ્રી ગણપત પી.પરમાર | વોચમેન | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૫૩ | શ્રી શંભુભાઈ આઈ.દેસાઈ | વોચમેન(ફાળવણી) | ૫૨૦૦ - ૨૦૨૦૦ |
| ૫૪ | શ્રી પંકજ એચ. બારોટ | વોચમેન | ૫૨૦૦ - ૨૦૨૦૦ |

**<u>સ્નાનાગાર શાખાના શીડયુલ - ૩૧ મુજબ કર્મચારીઓની મંજુર થયેલ જગ્યાઓ તથા ભરેલી તથા ખાલી જગયાઓની માહિતી નીચે મુજબ છે.</u>**

| અ.નં. | જગયા નું નામ | મંજુર થેયલ કુલ જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧. | સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨. | ડે.સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩. | અધીકારી કમ કોચ(પુરુષ) | ૧૦ | ૦૩ | ૦૭ |
| ૪. | હેડ કલાર્ક - એકાઉન્ટન્ટ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫. | સીની.કલાર્ક | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬. | પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ(લેડીઝ) | ૦૬ | ૦૧ | ૦૫ |
| ૭. | પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ(લેડીઝ સુપરવાઈઝર) | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૮. | આસી.સ્વી.કોચ(પુરુષ) | ૩૯ | ૦૮ | ૩૧ |
| ૯. | જુની.કલાર્ક | ૧૪ | ૦૯ | ૦૫ |
| ૧૦. | પટાવાળા | ૨૯ | ૧૬ | ૧૩ |
| ૧૧. | વોચમેન | ૩૨ | ૧૧ | ૨૧ |
| ૧૨. | વોચમેન-પટાવાળા | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૧૩. | વાલમેન | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૪. | વેલ્યુએશન કાઉન્ટર કીપર | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૧૫. | ઈલેકટ્રીશયન | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૬. | સફાઈ કામદાર | ૧૮ | ૬+૧૦ | ૦૨ |
| ૧૭. | ફરાસ | ૦૨ | ૦૦ | ૦૨ |
| | કુલ | ૧૬૫ | ૬૭ | ૯૮ |

# <u>સ્નાનાગાર ખાતાના હોદ્દાની લાયકાતો</u>

- **<u>સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ</u>**

૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ ડાયવીંગનું પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શીખવવાનો વ્યવહારીક અનુભવ કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક અનુભાવ.

૩. કોઈપણ વિધાશાખામાં બીજા વર્ગમાં સ્નાતક(ઓછામાં ઓછો)

૪. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ હોવો જોઈએ.

૫. સ્નાનાગારના સંચાલનનો પુરતો અનુભવ

- **<u>ડે.સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ</u>**

૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ ડાયવીંગનું પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શીખવવાનો વ્યવહારીક અનુભવ કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક અનુભાવ.

૩. કોઈપણ વિધાશાખામાં બીજા વર્ગમાં સ્નાતક(ઓછામાં ઓછો)

૪. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ હોવો જોઈએ.

૫. સ્નાનાગારના સંચાલનનો પુરતો અનુભવ

- **<u>અધિકારી તથા કોચ</u>**

૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શિખવવાનો વ્યવહારીક અનુભવ,કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક અનુભવ.

૩. એસ.એસ.સી.પાસ.(ખાતાકીય ભરતી માટે)./.ગ્રેજ્યુએટ(બહારથી સીધી ભરતી માટે)સ્ટે. કમિટી ઠરાવ નં.૩૧૦/તા.૦૨/૦૭/૨૦૦૯

૪. સ્નાનાગારના સંચાલનનો પુરતો અનુભવ (મ્યુ.કોર્પો.ઠ.નં.૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨ તથા એડમી.ઠ.નં૧૦૮/તા.૧૮/૦૩/૧૯૭૪થી સુધારો થયા મુજબ

- **<u>આસીસ્ટન્ટ સ્વીમીંગ કોચ પુરુષ ફુલ ટાઈમ</u>**

૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શિખવવાનો વ્યવહારીક અનુઈવ,કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક

અનુભાવ.

૩. ગુજરાતી તેમજ હેન્દી ભાષાનું જ્ઞાન(મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨ તથા એડમી.ઠરાવ નંબર :- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

- **<u>પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ અને લેડીઝ સુપરવાઈઝર</u>**

૧.તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શિખવવાનો વ્યવહારીક અનભવ,કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨.ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક

અનુભવ.

૩.ગુજરાતી તેમજ હેન્દી ભાષાનું જ્ઞાન(મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨ તથા એડમી.ઠરાવ નંબર :- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

- **<u>પાર્ટ ટાઈમ લેડીઝ જુનીયર કોચ</u>**

૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શિખવવાનો વ્યવહારીક અનુભવ,કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક

અનુભવ.

૩. ગુજરાતી તેમજ હેન્દી ભાષાનું જ્ઞાન(મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨ તથા એડમી.ઠરાવ નંબર :- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

- **<u>પાર્ટ ટાઈમ આસી.સ્વી.કોચ પુરુષ</u>**

  ૧. તરવાની વિવિધ વૈજ્ઞાનીક પધ્ધ્તીઓ તેમજ પુરતુ જ્ઞાન તથા સ્વીમીંગ શિખવવાનો વ્યવહારીક અનુભવ,કુશળ તરવૈયો હોવો જરૂરી છે.

  ૨. ડુબતા માણસને બચાવવાની જુદે જુદી રીતો તથા કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનો વ્યવહારીક

  અનુભવ.

  ૩. ગુજરાતી તેમજ હેન્દી ભાષાનું જ્ઞાન(મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨ તથા એડમી.ઠરાવ નંબર :- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

- **<u>ફરાસ</u>**

  ૧. તરવાની ઉંડા પાણીમાં ડુબકી મારવાની આવડત (મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨) તથા એડમી.ઠરાવ નંબરઃ- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

- **<u>સફાઈ- કામદાર</u>**

  ૧. તરવાની ઉંડા પાણીમાં ડુબકી મારવાની આવડત (મ્યુ.કોર્પો.ઠરાવ નંબર :-૫૫૩,તા.૨૨-૦૯-૧૯૭૨) તથા એડમી.ઠરાવ નંબરઃ- ૧૦૮,તા.૧૮-૦૩-૧૯૭૪ થી સુધારો થયા મુજબ)

**<u>સ્નાનાગાર શાખાના કર્મચારીઓની ફરજોની માહીતી</u>**

૧. **<u>સ્વીમીંગપુલ સુપ્રિન્ટેન્ડેન્ટ</u>**

- પોતાન તાબા હેઠળન તમામ સ્વીમીંગ પુલોના સંચાલન,વહીવટ તથા નક્કી કરેલ નીતિ-નિયમોનું પાલન કાર્યક્ષમ અને વ્યવસ્થિત રીતે થાય તે જોવાની જવાબદારી છે.દરેક સ્વીમીંગપુલની તે અવારનવાર મુલાકાત લઈ જાતે નીરીક્ષણ કરી સ્વીમીંગ પુલની વ્યવસ્થા તથા સ્ટાફના ફરજ પાલન અંગે ખાતરી કરશે.અને જરૂર જણાયે તે અંગે પગલા લેશે.દરેક સ્વીમીંગ પુલ ઉપર સભ્યો નક્કી કરેલ નીતિ.નિયમોનું પાલન કરે તે જોવાની પણ ફરજ સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટની છે.જે સભ્યો જાણી-બુઝીને નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરતા જણાય તેમને એક કે બે વખત ચેતવણી આપ્યા બાદ તેમની સામે યોગ્ય પગલા લઈ શકશે.

૨. **<u>ડે.સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ</u>**

- પોતાના તાબા હેઠળના તમામ સ્વીમીંગ પુલોના સંચાલન,વહીવટ તથા નક્કી કરેલ નીતિ-નિયમોનું પાલન કાર્યક્ષમ અને વયવસ્થિત રીતે થાય તે જોવાની જવાબદારી છે.દરેક સ્વીમીંગપુલની તે અવારનવાર મુલાકાત લઈ જાતે નીરીક્ષણ કરી સ્વીમીંગ પુલની વ્યવસ્થા તથા સ્ટાફના ફરજ પાલન અંગે ખાતરી કરશે..દરેક સવીમીંગ પુલ ઉપર સભ્યો નક્કી કરેલ નીતિ-નિયમોનું પાલન કરે તે જોવાની પણ ફરજ ડે. સુપ્રિન્ટેન્ડેન્ટની છે.જે સભ્યો જાણી-બુઝીને નીતિ-નિયમોનું ઉલ્લંઘન કરતા જણાય તેમને એક કે બે વખત ચેતવણી આપ્યા બાદ તેમની સામે યોગ્ય પગલા લઈ શકશે.ઉપરાંત સ્નાનાગાર સુપ્રિ.શ્રી વખતો વખત આદેશ કરે તે મુજબની કામગીરી કરવાની રહેશે

૩. **<u>અધીકારી કમ કોચની કરજો</u>**

- તેઓના તાબાના મ્યુ.સ્નાનાગારના સંચાલનની એકંદરે જવાબદારી તેઓની રહેશે તથા તેઓની ફરજનો સમય સામાન્ય રીતે સ્નાનાગારમાં પુરુષ સભ્યોના સ્વીમીંગ કરવાના સમય દરમ્યાન રહેશે.
- દરરોજ સવારે તેમજ સાંજે પુરુષ સભ્યોના સ્વીમીંગ કરવાના સમય પહેલા તેમજ પછી શાવરરૂમ વિભાગ,જાજરૂ,પેશાબખાના તથા સ્નાનાગારના હોજ સહિત સ્નાનાગારની

તમામ જગ્યાઓનો રાઉન્ડ લઈ વધુ વ્યવસ્થિત હોવાની તેઓએ ખાતરી કરવાની રહેશે.ઉપરાંત સ્વીમીંગના સમય પુરા થયા બાદ તેઓ જાતે સ્નાનાગારના હોજમાં ચારે તરફ તરી કોઈપણ વ્યકિત હોજમાં તળિયે કે પાણીમાં નથી તથા બધુ બરાબર છે તેની ચોકસાઈથી ખાતરી કરશે .જો કોઈ કારણસર તે જાતે આ કાર્ય કરી શકે તેમ ન હોય તો તેવા પ્રસંગે ફરજ પરના આસી.સ્વી.કોચ ને હોજમાં તરી આ કાર્ય કરવાનું સોંપશે તથા ફરજ પરના આસી.સ્વી.કોચને તે કાર્ય ચોકસાઈથી તેમજ સંતોષકારક રીતે કરે તેની ખાતરી કરશે.આ બાદ તેઓ તે અંગેની દૈનિક નોંધબુકમાં તારીખ તથા સમય સાથે પોતાની સહી કરશે.

- દરરોજ સ્વીમીંગ સમય શરૂ થતા અગાઉ લાઈફ સેવીંગ કૃત્રિમ શ્વાસોચ્છવાસ તથા પ્રાથમીક સારવાર અંગેના સાધનો કાયર્યક્ષમ સ્થિતિમાં છે તે તપાસી ખાતરી કરી લેશે.
- ફરીયાદ બુક,સભ્ય પ્રવેશ નોંધબુક તથા જડેલી ચીજ વસ્તુઓની નોંધબુક તેઓ જાતે દરરોજ તપાસશે.તથા તપાસવા અંગેના સમય તથા તરીખ સાથે ત્રણેય નોંધબુકમાં પોતાની શી કરશે.જો કોઈ પ્રસંગે કોઈ વસ્તુ ખોવાઈ કે મળી હોય તો તેવા પ્રસંગે જે સભ્ય કે વ્યકતીની ચીજ વસ્તુ મળી હોય તે સભ્ય કે વ્યકતી સ્નાનાગારના હોજના પાણીમાં રહી ગયેલ નથી બાબની ખાસ કરીને ખાતરી કરશે.તથા આ સિવાય સક્ષમ સત્તાએ કરેલ હુકમોનું પાલન તથા અમલ કરશે કરાવશે.
- ઉપરની તેઓની નિયત ફરજેના ચોકક્સ પાલન ઉપરાંત હાથ નીચેના કર્મચારીઓ પોતાની ફરજો બરાબર ચીવટથી બજાવે તથા સ્નાનાગારમાં શિસ્ત તથા વ્યવસ્થા જાળવે તેની પુરતી દેખરેખ રાખશે.

૪. **<u>આસી.સ્વી.કોચ પુરુષની ફરજો</u>**

- તેઓની ફરજના સમય સામાન્ય રીતે સ્નાનાગારમાં પુરૂષ સભ્યોના સ્વીમીંગના સમય દરમ્યાનના રહેશે.
- દરરોજ સવારે તેમજ સાંજે પુરુષ સભ્યોના સ્વીમીંગ કરવાના સમય પહેલા તેમજ પછી શાવરરૂમ વિભાગ,જાજરૂ,પેશાબખાના તથા સ્નાનાગારના હોજ સહિત સ્નાનાગારની તમામ જગ્યાઓનો રાઉન્ડ લઈ વધુ વ્યવસ્થિત હોવાની તેઓએ ખાતરી કરવાની

રહેશે.ઉપરાંત સ્વીમીંગના સમય પુરા થયા બાદ તેઓ જાતે સ્નાનાગારના હોજમાં ચારે તરફ તરી કોઈપણ વ્યકિત હોજમાં તળિયે કે પાણીમાં નથી તથા બધુ બરાબર છે તેની ચોકસાઈથી ખાતરી કરશે.

- તેઓ સ્નાનાગારમાં તરવા આવનાર શિખાઉ સભ્યોને સ્વીમીંગની તાલીમ આપશે તથા તેઓની બચાવની કામગીરી પણ તેઓ કરશે.તથા જાણકાર બેચમાં સભ્યોની બચાવની કામગીરી અંગે દેખરેખ રાખશે.
- જાણકાર અંગેનું સર્ટીફીકેટ લેવા માટે આવનાર વ્યકિતનો નક્કી કરેલ નિયમો મુજબ ટેસ્ટ લઈ તે અંગે પોતાના રીમાર્કસ આપી અધીકારી કમ કોચને સહી કરી મોકલશે.
- સ્નાનાગારમાં જાણકાર સભ્ય તરીકે સભ્યપદનું ફોર્મ ભરીને આવનાર વ્યકિતઓના નક્કી કરેલ નિયમો મુજબ ટેસ્ટ લઈ તેમાં પોતાનાં રીમાર્કસ અને સહી કરી અધિકારી કમ કોચ તરફ ભલામણ સહ મોકલશે તથા એ સિવાય સક્ષમ સત્તાએ કરેલ હુકમનું પાલન તથા અમલ કરશે/કરાવશે.

**૫. <u>પાર્ટ ટાઈમ લેડીઝ કોચ કમ સુપરવાઈઝરની ફરજો</u>**

- આસી.સ્વીમીંગ કોચ પુરૂષની તમામ ફરજો તેમને લાગુ પડશે.તથા સ્ત્રી સભ્યોના સ્વીમીંગના સમય ગાળામાં સ્નાનાગાર સંચાલન અંગેની જવાબદારી તેમની રહેશે.તથા આ સિવાય સક્ષમ સત્તાએ કરેલ હુકમોનું પાલન તથા અમલ કરશે

**૬. <u>હેડ કલાર્ક/ સીનીયર કલાર્કની ફરજો</u>**

- સ્નાનાગાર ખાતાના એસ્ટાબ્લીશમેન્ટ,ટેલીફોનના બીલો,તથા રોજે-રોજના આવકના હિસાબો,ભરતી,નિમણૂકો વગેરે બાબતની કામગીરી તેઓ સંભાળશે.
- સ્નાનાગાર ખાતાના જુદા જુદા સ્નાનાગાર ઉપર ફરજ બજાવતા ફી-કલાર્ક (જુની.કલાર્ક)ના આવકના ચલણો ચેક કરશે તેમજ મુખ્ય ઓફિસના બીલ કલાર્કની કામગીરી ઉપર દેખરેખ રાખશે તથા તમને લગતા ઓડિટ ઓબ્જેકશનના નિકાલની કમગીરે સંભાળશે.

- ઉપરોકત કામગીરીના અનુસંધાનમાં તેઓ મ્યુ.કોર્પોરેશનની સેન્ટ્રલ ઓફિસ,ઓડિટ ખાતુ,એકાઉન્ટ ખાતુ વગેરે તરફ જરૂરી રિપાર્ટ મુકવાની તજવીજ કરશે.તેમજ ઉપરી અધિકારી દ્વારા વખતોવખત કરવામાં આવતા હુકમોનું પાલન કરશે.

૭. <u>જુની.કલાર્ક ફરજો</u>

- **સ્નાનાગાર હેડ ઓફીસમાં ફરજ પર હોય ત્યારે ખાતાની જરૂરીયાતના અનુસંધાને ઈન્વર્ડ કલાર્ક,બીલ કલાર્ક,સ્ટાર કલાર્ક કે અન્ય કામગીરી અંગે તેઓને કામગીરી સોંપવામાં આવશે.તથા સ્નાનાગાર પર ફરજ પર મુકવામાં આવે ત્યારે ફી કલાર્ક તરીકે અને તેને આનુષાંગિક કામગીરી સંભાળશે.તથા તેઓને ઉપરી અધિકારી દ્વારા વખતો વખત કરવામાં આવતા આદેશોનું પાલન કરશે.**

૮. <u>ચેકર પટાવાળા</u>

- **ચેકર પટાવળા દરરોજ પોતાની ફરજ પર સમયસર આવશે તથા ખાસ સંજોગોમાં હાજર અધિકારીને અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પોતાની ફરજનું સ્થાન છોડશે નહી.**
- **તેઓ સભ્ય પ્રવેશ નોંધબુક વ્યવસ્થિત રીતે જાળવશે.તથા દરેક સભ્યનું ઓળખપત્ર બરાબર તપાસ્યા બાદ તેમજ સભ્ય પ્રવેશ અંગેની તમામ નોંધ નોંધબુકમાં કરે ત્યારબાદ જ સભ્યને પ્રવેશ આપશે.**
- **કોઈપણ સભ્ય બહાર નીકળતી વખતે કરવાની જરૂરી બાકી નોંધ કર્યા સિવાય બહાર જવાના નિયત સ્થાનેથી જાય નહીં તે બાબત પર પુરતુ ધ્યાન આપશે.**
- **ફરજ પરના અધિકારીની પરવાનગી બાદ જ તો કોઈપણ સભ્યના મહેમાન કે આકસ્મિક મુલાકાતીને પુરતી ખાતરી કરી પ્રવેશ આપશે.**
- **ખાસ કરીને સ્વીમીંગનો સમય પુરો થયા બાદ તેઓના કબજામાં રહેતી સભ્ય પ્રવેશ નોંધબુક બરાબર તપાસી ખાતરી કરશે કે કોઈપણ સભ્ય બહાર જવા અંગેની નોંધ તથા સહિ કર્યા સિવાય બહાર ગયેલ નથી.**
- **સ્વીમીંગના સમયના અંતે તેઓ દાખલ થયેલી વ્યકિતઓ તથા બહાર ગયેલ વ્યકિતઓની સંખ્યાના સરવાળા મેળવી જોશે.તથા વધુ બરાબર છે તેની ખતરી કરશે.ત્યારબાદ અધિકારી કમ કોચ પસે નોંધબુકમાં સહિ મરાવશે.તથા આ સિવાય સક્ષમ સત્તાએ કરેલ હુકમોનું પાલન તથા અમલ કરાવશે.**

## ૯. <u>વોચમેન (પગી) ની ફરજો</u>

- તેઓ સ્નાનાગારની જગ્યામાં દાખલ થતા સભ્યો તેમજ મુલાકાતીઓ ઉપર પુરતી દેખભાળ રાખશે.કોઈપણ વ્યકતી નિયત પ્રવેશદ્વાર સિવાયના માર્ગે સ્નાનાગારમાં પ્રવેશ કરે તે બાબત ઉપર પુરતુ ધ્યાન આપશે.
- સ્નાનાગારની જગામાંથી જો પહેરવેશ અંગેનું કોઈપણ કપડુ કે બીજી કોઈ ચીજવસ્તુ તેઓને મળી આવે કે,સ્નાનાગારની જગામાં કોઈપણ અસામાન્ય બનાવ બન્યા અંગેની તેઓને જાણ થાય અથવા વહેમપડે તો તે તુરંત જ તે અંગેની જણ ફરજ પરના અધિકારી કમ કોચ ને કે તેમની ગેરહાજરીમાં તેઓ પછીના સટાફના જવાબદાર કર્મચારીઓને કરશે.
- સ્વીમીગનો સમય પુરો થયે સભ્યો શાવરરૂમ વિભાગ છોડી જાય ત્યારબાદ તેઓ શાવર વિભાગ સહીત સ્નાનાગારની તમામ જગાઓનું રાઉન્ડ લઈ નિરીક્ષણ કરશે તથા જે કાંઈ ચીજવસ્તુ મળી આવે તે અંગેની નોંધબુકમાં મળ્યાઅંગેના સમય તથા તારીખ સાથે વિગતવાર નોંધી પોતાની સહી કરી ફરજ પરના અધિકરી કમ કોચ સમક્ષ તુરત જ રજુ કરશે તથા નોંધ બુક પોતાના કબજામાં રાખશે.

## મ્યુ. સ્નાનાગાર ખાતાનું સને ૨૦૧૫-૨૦૧૬ નું મ્યુ. કોર્પોરેશને મંજુર કરેલ અંદાજપત્ર

રેવન્યુ આવક (રૂપિયા લાખમાં)

| ડિપાર્ટમેન્ટ / એકાઉન્ટ કોડ | ખાતુ તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૧૫-૧૬ મ્યુ.કોર્પો.એ મંજુર કરેલ અંદાજ |
|---|---|---|
| **૬૧૧** | **સ્વીમીંગ પુલ** | |
| ૧૩૪૧૮ | અન્ય નોંધણી ફી | ૫૦૦.૦૦ |
| ૨૩૨૧૦ | અન્ય ફોર્મ વેચાણની આવક | ૩૦.૦૦ |
| **૬૧૧** | **સ્વીમીંગ પુલનું કુલ** | **૫૩૦.૦૦** |

રેવન્યુ ખર્ચ (રૂપિયા લાખમાં)

| ડિપાર્ટમેન્ટ / એકાઉન્ટ કોડ | ખાતુ તથા એકાઉન્ટ હેડનું નામ | ૨૦૧૫-૧૬ મ્યુ.કોર્પો.ને મંજુર કરેલ અંદાજ |
|---|---|---|
| **૬૧૧** | **સ્વીમીંગ પુલ** | |
| ૩૦૧૯૯ | પગાર ખર્ચ | ૪૫૧.૪૩ |
| ૩૦૪૦૧ | યુનિફોર્મ | .૯૦ |
| ૩૪૧૦૧ | ટેલીફોન તથા ટ્રંકકોલ (ઓફીસ) | .૮૦ |
| ૩૪૧૦૨ | પોસ્ટેજ તથા ટેલિગ્રામ | ૦.૧૦ |
| ૩૪૪૦૧ | સ્ટેશનરી | ૩.૦૦ |
| ૩૪૪૦૪ | પ્રિન્ટીગ | ૧.૭૫ |
| ૩૪૮૯૯ | અન્ય ખર્ચા | ૧.૫૦ |
| ૩૮૩૦૬ | સ્નાનાગાર (સ્વીમીગ પુલ) | ૩૭.૦૦ |
| ૩૯૦૦૧ | ટેબલ તથા ખુરશી, બાંકડા, બેંચ | .૭૫ |
| ૩૯૦૦૫ | પંખા તથા લાઈટ ફીટીગ | ૨.૦૦ |
| ૪૩૧૦૨ | અન્ય વીજળી ખર્ચ (લાઈટ એનર્જી) | ૧૩૫ |
| ૪૮૧૧૫ | કલોરીન | ૧.૦૦ |
| **૪૮૧૧૭** | **સ્નાનાગારનાં સાધનો** | **૪.૦૦** |
| **૬૧૧** | **સ્વીમીંગ પુલનું કુલ** | **૬૩૯.૨૩** |

# <u>વહીવટી માળખુ</u>

| | |
|---|---|
| ડે.મ્યુ. કમિશ્નર (જનરલ) | |
| સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ | |
| ડે.સ્નાના.સુપ્રિન્ટેન્ડેન્ટ | |
| ➢ હેડ કલાર્ક | ➢ અધિકારી કમ કોચ (જુદા-જુદા સ્નાનાગાર ખાતે) |
| ➢ સીની. કલાર્ક | ➢ આસી.સ્વી.કોચ, પુરૂષ |
| ➢ જુની. કલાર્ક | ➢ પા.ટા. આસી. સ્વી.કોચ, લેડીઝ |
| ➢ પટાવાળા | ➢ જુની. કલાર્ક |
| | ➢ પટાવાળા |
| | ➢ વોચમેન |
| | ➢ સફાઇ કામદાર |
| | ➢ માળી |

# સ્નાનાગારની ફી દર્શાવતુ પત્રક

| અનુ. નં. | વિગત | **અ-વર્ગ**<br>વાસણા સ્નાનાગાર<br>સ્ટેડિયમ સ્નાનાગાર<br>વાડજ સ્નાનાગાર<br>કાંકરીયા સ્નાનાગાર<br>ઓઢવ સ્નાનાગાર<br>બાગેફીરદોશ સ્નાનાગાર<br>રાણીપ સ્નાનાગાર | | **બ-વર્ગ**<br>લાલદરવાજા સ્નાનાગાર<br>હાજીપુરા સ્નાનાગાર | | **ક-વર્ગ**<br>સાબરમતી સ્નાનાગાર<br>ખોખરા સ્નાનાગાર<br>અસારવા સ્નાનાગાર<br>સારંગપુર સ્નાનાગાર<br>સરસપુર સ્નાનાગાર | |
|---|---|---|---|---|---|---|---|
| | | **સામાન્ય દર** | **કન્સેશન દર** | **સામાન્ય દર** | **કન્સેશન દર** | **સામાન્ય દર** | **કન્સેશન દર** |
| **(અ)** | **જાણકાર સભ્યો માટે** | | | | | | |
| | સભ્ય ફી | | | | | | |
| | (અ) વાર્ષિક | ૧૮૦૦ | ૧૨૫૦ | ૧૦૦૦ | ૭૦૦ | ૭૫૦ | ૫૦૦ |
| | (બ) ત્રિ માસિક | | | | | | |
| | એપ્રિલ થી જુન | ૧૨૦૦ | ૮૫૦ | ૬૦૦ | ૪૦૦ | ૪૫૦ | ૩૦૦ |
| | જુલાઇ થી સપ્ટે | ૧૦૦૦ | ૭૦૦ | ૫૫૦ | ૪૦૦ | ૪૦૦ | ૩૦૦ |
| | ઓકટો થી ડિસે | ૪૦૦ | ૩૦૦ | ૩૫૦ | ૨૫૦ | ૨૦૦ | ૧૫૦ |
| | જાન્યુ થી માર્ચ | ૬૦૦ | ૪૦૦ | ૪૫૦ | ૩૦૦ | ૨૫૦ | ૨૦૦ |
| | (ક) છ માસિક | | | | | | |
| | એપ્રિલ થી સપ્ટે | ૧૬૦૦ | ૧૧૦૦ | ૭૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૩૫૦ |
| | ઓકટો થી માર્ચ | ૭૦૦ | ૫૦૦ | ૪૫૦ | ૩૦૦ | ૩૫૦ | ૨૫૦ |
| | (ડ) માસિક | | | | | | |
| | ફક્ત માર્ચ | ૧૫૦ | ૧૦૦ | ૧૨૦ | ૮૦ | ૧૦૦ | ૭૦ |
| **(બ)** | **શીખાઉ સભ્યો માટે** | | | | | | |
| | | - | - | - | - | - | - |
| ૧ | એક માસની સત્ર ફી | ૪૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૨૦૦ | ૨૫૦ | ૧૭૦ |
| **(ક)** | **જનરલ** | | | | | | |
| ૧ | ડુપ્લીકેટ કાર્ડ ફી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૨ | ફોર્મ ફી | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| ૩ | ગેસ્ટ ફી (ફકત જાણકાર સભ્યો માટે) | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૪ | સ્નાનાગાર ભાડે રાખવાની ડીપોઝીટ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | સ્નાનાગારનું એક દિવસનું ભાડુ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |

## ૧૦. <u>ચેકર પટાવાળા</u>

- ચેકર પટાવળા દરરોજ પોતાની ફરજ પર સમયસર આવશે તથા ખાસ સંજોગોમાં હાજર અધિકારીને અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પોતાની ફરજનું સ્થાન છોડશે નહી.
- તેઓ સભ્ય પ્રવેશ નોંધબુક વ્યવસ્થિત રીતે જાળવશે.તથા દરેક સભ્યનું ઓળખપત્ર બરાબર તપાસ્યા બાદ તેમજ સભ્ય પ્રવેશ અંગેની તમામ નોંધ નોંધબુકમાં કરે ત્યારબાદ જ સભ્યને પ્રવેશ આપશે.
- કોઈપણ સભ્ય બહાર નીકળતી વખતે કરવાની જરૂરી બાકી નોંધ કર્યા સિવાય બહાર જવાના નિયત સ્થાનેથી જાય નહીં તે બાબત પર પુરતુ ધ્યાન આપશે.
- ફરજ પરના અધિકારીની પરવાનગી બાદ જ તો કોઈપણ સભ્યના મહેમાન કે આકસ્મિક મુલાકાતીને પુરતી ખાતરી કરી પ્રવેશ આપશે.
- ખાસ કરીને સ્વીમીંગનો સમય પુરો થયા બાદ તેઓના કબજામાં રહેતી સભ્ય પ્રવેશ નોંધબુક બરાબર તપાસી ખાતરી કરશે કે કોઈપણ સભ્ય બહાર જવા અંગેની નોંધ તથા સહિ કર્યા સિવાય બહાર ગયેલ નથી.
- સ્વીમીંગના સમયના અંતે તેઓ દાખલ થયેલી વ્યકિતઓ તથા બહાર ગયેલ વ્યકિતઓની સંખ્યાના સરવાળા મેળવી જોશે.તથા વધુ બરાબર છે તેની ખતરી કરશે.ત્યારબાદ અધિકારી કમ કોચ પસે નોંધબુકમાં સહિ મરાવશે.તથા આ સિવાય સક્ષમ સત્તાએ કરેલ હુકમોનું પાલન તથા અમલ કરાવશે.

મે.ડે.મ્યુ.કમિશ્નરશ્રી,

સ્નાનાગાર

વિષયઃ સ્નાનાગાર ખાતાનુ વર્ષ ૨૦૧૫-૨૦૧૬નુ પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર વેબસાઈટ ઉપર મુકવા મંજુરી મેળવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય સાથે જણાવવાનું કે સ્નાનાગાર ખાતા જાહેર માહિતી અધિકારીશ્રીઓએ પોતાના વર્ષ ૨૦૧૫-૨૦૧૬નું પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી ઇ.ડી.પી.ઓ ખાતે વેબસાઈટ ઉપર ડાઉનલોડ કરવાની થતી હોઇ સ્નાનાગાર ખાતા દ્વારા બનાવવામાં આવેલ વર્ષ-૨૦૧૫-૨૦૧૬નુ પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝરની માહિતી આપ સાહેબશ્રીની જાણમાં લઇ ઇ.ડી.પી ખાતે વેબસાઇડ ઉપર પ્રસિધ્ધ કરવા મંજુરી આપવા વિનંતી.

સ્નાનાગાર સુપ્રિન્ટેન્ડેન્ટ (ઇન્ચાર્જ)

ડે.મ્યુ.કમિશ્નરશ્રી
(સ્નાનાગાર)